


શુદ્ધ ઉપાસના પ્રવર્તક

# ગુરુદેવ પ.પૂ. બાપજી



પૂર્ણ પુરુષોત્તમ
શ્રી સ્વામિનારાયણ ભગવાન



જીવનપ્રાણ
અબજીબાપાશ્રી

## શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

સત્ય, અહિંસા, પ્રામાણિકતા, કૌટુંબિક એકતા આદિ સામાન્ય આચરણથી લઈને આધ્યાત્મિક દિવ્ય આચરણોનું સિંચન કરવું તેમજ સનાતન ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની આધ્યાત્મિક અલૌકિક સ્થિતિનો આસ્વાદ માણતા એક દિવ્ય સમાજની રચના કરી શ્રીજીમહારાજનો મહાલો સમાજ તૈયાર કરવો એ જ એકમાત્ર આ આધ્યાત્મિક સ્વામિનારાયણ સંસ્થાનો લક્ષ્ય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સનાતન સિદ્ધાંતો અને અજોડ ઉપાસનાના પ્રવર્તનનું મહામોટું ભગીરથ કાર્ય કરી જેઓએ ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિના રહસ્યને યથાર્થ છતું કર્યું છે એવા જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ સમજાવેલા શ્રીજીમહારાજના સર્વોપરી સિદ્ધાંતોના વિશ્વવ્યાપી પ્રવર્તન અર્થે સન ૧૯૪૭માં ગુરુદેવ પ.પૂ. બાપજીએ પ્રથમ સોપાન ભરી આ ભગીરથ કાર્યને નૂતન ક્રાંતિ આપી હતી. આ નૂતન ક્રાંતિને વિરાટ સ્વરૂપ આપતા સન ૧૯૮૭માં ગુરુદેવ પ.પૂ. બાપજીએ સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થાની સ્થાપના કરી.

દેશ અને સમાજની પ્રત્યેક વ્યક્તિમાં આધ્યાત્મિકતાની નવી ચેતના પ્રગટાવી જીવનપરિવર્તનના મહામૂલા કાર્યમાં આ **SMVS** સંસ્થા સતત પ્રવૃત્ત રહે છે. સંસ્થાના ૧૦૦ જેટલા સંતો-પાર્ષદો તથા ૮૩ જેટલાં ત્યાગી મહિલામુક્તો, ૧૦,૦૦૦થી પણ વધુ કાર્યકરો અને સ્વયંસેવકો સંસ્થા દ્વારા ચાલતાં સેંકડો બાળ-બાલિકા મંડળો, યુવા-યુવતી મંડળો તથા પુરુષ-મહિલાના સંયુક્ત મંડળોમાં જીવનપરિવર્તનની દિવ્ય પ્રેરણા આપી પોતાના જીવનની સાર્થકતાને અનુભવી રહ્યા છે. અવનવાં આધ્યાત્મિક અભિયાનો દ્વારા જન જન સુધી પહોંચી અજ્ઞાન ને દુઃખરૂપી તિમિરને દૂર કરી જ્ઞાન ને સુખરૂપી પ્રકાશ પાથરી રહ્યા છે.

ભારત, યુ.કે., અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, કુવૈત, દુબઈ, કેન્યા, યુગાન્ડા, ઝામ્બિયા આદિ દેશોમાં આધ્યાત્મિક સેવાઓનાં સોપાન સર કરવાની સાથે સર્વજનહિતાવહ એવા સામાજિક સેવાકાર્યોમાં પણ આ સંસ્થા ભાગીરથી બની રહી છે. શિક્ષણ, સંસ્કાર અને સત્સંગનો ત્રિવેણી સંગમ ખડો કરી, ગુરુકુલ જેવા પરિસરો બાંધી અનેક તરુણોના જીવનને ઘાટ આપવાનું સેવાકાર્ય તો વળી જરૂરિયાતમંદોને શૈક્ષણિક તેમજ તબીબી સહાયની સેવાથી માંડી વસ્ત્રદાન, રોગનિદાન કેમ્પ, રક્તદાન કેમ્પ જેવી અનેક સેવાઓ તેમજ તબીબી સેવામાં વિશેષ રૂપે મેડિકલ સેન્ટરો તથા **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલ આદિ સેવાઓ પણ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ભૂકંપની હોનારત હોય કે પછી પૂરની તારાજી હોય પરંતુ જનહિતાવહ કાજે રાહતકાર્યની સેવામાં આ સંસ્થા સર્વત્ર ખડે પગે હાજર રહે છે.

સંસ્થાની આવી મહામૂલી આધ્યાત્મિક, સામાજિક તેમજ સર્વજનહિતાવહ સેવા-પરિચર્યાનાં અજવાળાં સર્વત્ર જનમાનસમાં ફેલાયાં છે. દેશ અને સમાજના જન જન પ્રત્યે આ સંસ્થા પોતાનાં સેવાકાર્યો અને આધ્યાત્મિક મૂલ્યોની સુવાસ પ્રસરાવવામાં સદાય અગ્રેસર રહી છે ને રહેશે.



# શુદ્ધ ઉપાસના પ્રવર્તક

# ગુરુદેવ પ. પૂ. બાપજી


**લેખનકાર્ય**

સાહિત્ય લેખન વિભાગ



**પ્રકાશક**

સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ

સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર-૩૮૨૦૦૭

# શુદ્ધ ઉપાસના પ્રવર્તક

# ગુરુદેવ પ.પૂ. બાપજી

**રજૂકર્તા** : શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

**આદ્ય સ્થાપક** : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
પ.પૂ. અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)

**પ્રેરક** : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

**પ્રકાશક** : સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ,
સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર–૩૮૨૦૦૭

**આવૃત્તિ** : પ્રથમ, માર્ચ–૨૦૨૦

**પ્રત** : ૧૦,૦૦૦ નંગ

**મૂલ્ય** : ₹ ૦૦/-

**સેવા મૂલ્ય** : ₹ ૦૦/-

(સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટના અનુદાનથી ઘટાડેલ સેવા મૂલ્ય)

# પ્રસ્તાવના

મોટાપુરુષની કરુણા અને એમની ભવ્યતા-દિવ્યતાને ક્યારેય શબ્દો વડે મૂલવી શકાતી નથી. એ એક નક્કર વાસ્તવિકતા ગણવી જ રહી. ગુરુદેવ પ.પૂ. બાપજીના ભવ્ય, પ્રચંડ અને દિવ્ય વ્યક્તિત્વને અલ્પ પરિચય સ્વરૂપે પ્રકાશિત કરી રહ્યા છીએ.

મનુષ્યને મનુષ્ય જેવા દેખાતા - વિચરતા અસાધારણ દિવ્ય સત્પુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજીને ઓળખવા ને સમજવા માટે દિવ્યદૃષ્ટિ જોઈએ. જ્યાં શબ્દોનું સામ્રાજ્ય સાવ વામણું પુરવાર થાય છે. એવા ગુરુદેવ પ.પૂ. બાપજીના પરિચયને અહીં શબ્દોમાં મૂકવાનો પ્રયાસ થયો છે તે ગુરુમહિમાનું એક પુષ્પમાત્ર છે.

આ પુસ્તિકામાં ગુરુદેવ પ.પૂ. બાપજીના બાળપણથી લઈ અંતર્ધાન સુધીના પારલૌકિક જીવનની ગાથા વર્ણવી છે. જે મુમુક્ષુને દિવ્યજીવનની આછેરી માર્ગદર્શિતા પાઠવશે. અહીં ગુરુદેવ પ.પૂ. બાપજી અનંત દિવ્ય કલ્યાણકારી ગુણોનું સાક્ષાત્ મૂર્તિમંત સ્વરૂપ છે તેની દિવ્યાનુભૂતિ પણ વર્ણવવામાં આવી છે. ભગવાન સ્વામિનારાયણે ચીંધેલા રાહે, માનવમાત્રના સર્વલક્ષી ઉત્થાન માટે પોતાના જીવનની ક્ષણે ક્ષણનું બલિદાન કરનાર ગુરુદેવ પ.પૂ. બાપજી માટે આ પુસ્તિકા એકમાત્ર પરિચયાત્મક પ્રસ્તુતિ જ છે. અહીં ‘પરિચય’, ‘જીવનયાત્રા’, ‘દિવ્ય કલ્યાણકારી ગુણો’ તથા ‘જીવનકાર્યો’ આદિક પુસ્તિકા પ્રકરણના માધ્યમે ગુરુદેવ પ.પૂ. બાપજીનો પરિચય મુમુક્ષુના હાથમાં મૂકવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ પુસ્તિકાનું વાંચન-મનન કરી તે પ્રમાણેનું જીવન કરવા પ્રયત્નશીલ બનનારને શ્રીહરિના સર્વોત્તમ સુખની પ્રાપ્તિ થશે એવા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ આશીર્વાદ પાઠવ્યા છે.

– સાહિત્ય લેખન વિભાગ

# અનુક્રમણિકા



૦૧. આદ્ય સ્થાપક :
ગુરુદેવ પ.પૂ. બાપજી પરિચય ............... ૦૫

૦૨. ગુરુદેવ પ.પૂ. બાપજી :
કલ્યાણકારી જીવનયાત્રા ................. ૩૪

૦૩. ગુરુદેવ પ.પૂ. બાપજી :
દિવ્ય કલ્યાણકારી ગુણો .................. ૪૦

૦૪. ગુરુદેવ પ.પૂ. બાપજી :
જીવનકાર્યો ............................. પર

૦૫. અલૌકિક અનુગામી સત્પુરુષ :
ગુરુવર્ય પ. પૂ. સ્વામીશ્રી ............... ૬૭



# ૧ આદ્ય સ્થાપક :

## ગુરુદેવ પ.પૂ. બાપજી પરિચય

## ❖ પ્રાગટ્ય ❖

ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિ - આ સનાતન સિદ્ધાંતોના પ્રવર્તન હેતુ આ લોકમાં મનુષ્યને મનુષ્ય જેવા જણાયા. આ જ સંકલ્પને પૂર્ણ કરવા સ્વયં શ્રીજીમહારાજે અમારા મુક્ત કચ્છમાં પ્રગટ થશે તેવા આશીર્વાદ આપ્યા. તેઓએ આપેલા આશીર્વાદ મુજબ પોતાના અનાદિમુક્ત કચ્છમાં શ્રીજીસંકલ્પમૂર્તિ અબજીબાપાશ્રી રૂપે પ્રગટ થયા. જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિ - આ બે સિદ્ધાંતોનું યથાર્થ જ્ઞાન ખુલ્લું કર્યું અને તેને પ્રવર્તાવવા માટેની જહેમત જગાવી. અનંતાનંત જીવોને મૂર્તિસુખનું દાન કરવા માટે અબજીબાપાશ્રી સંતવૃંદ તથા હરિભક્તોનું મંડળ લઈ નળકંઠા વિસ્તારના વિરમગામ તાલુકાના વાંસવા ગામે બાઈઓના મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે પધાર્યા હતા.

બાપાશ્રી પધાર્યા જાણી રેથળ, દદુકા, ઉપરદળ, થૂલેટા વગેરે આજુબાજુનાં ગામોમાંથી હરિભક્તોનાં ટોળેટોળાં બાપાશ્રીનાં દર્શન-સમાગમ માટે ખેંચાયાં હતાં. બાપાશ્રીએ વાંસવા ગામે બાઈઓના મંદિરે મૂર્તિપ્રતિષ્ઠા કરી અને સર્વત્ર જયજયકાર ને આનંદ આનંદ વર્તતો હતો. આ પ્રસંગે વાસણ ગામથી હરિભક્તો પધારેલા. બાપાશ્રીને અતિ પ્રસન્ન જાણી સૌએ બાપાશ્રીને વાસણ ગામે પધારવા પ્રાર્થના કરી. બાપાશ્રીએ પ્રસન્ન વદને હા ભણી. વાસણ ગામના હરિભક્તોને હરખનો પાર ન રહ્યો. તેમણે ગામમાં બાપાશ્રીને રાજી કરવા ખૂબ તૈયારી કરી.

બાપાશ્રી વાસણ ગામે સંતો-હરિભક્તો સહિત પધાર્યા. અહીંયાં પણ બાપાશ્રી પ્રસન્નતાપૂર્વક દર્શન, આશીર્વાદ ને અભયદાન વહાવી રહ્યા હતા. એ સમયે વાંસવા ગામના આગેવાન હરિભક્ત શ્રી લાલજીભાઈ ઠક્કર એમની સાથે જેઠાભાઈ ઠક્કરને લઈને આવ્યા. પછી તેમણે બાપાશ્રીને

વિનય વચને પ્રાર્થના કરતાં કહ્યું, ''બાપા, આ જેઠાભાઈ બહુ ભગવદીય હરિભક્ત છે. તેમને એકેય સેવક નથી. તો આપ એમને મુક્ત સમાન એક દીકરો પ્રાપ્ત થાય એવા આશીર્વાદ આપો.'' બાપાશ્રી પ્રસન્ન તો હતા જ ને તકે પ્રાર્થના થઈ તેથી કૃપાનો ધોધ વહાવતાં બાપાશ્રી બોલી ઊઠ્યા : ''જેઠાભાઈ, તમારે ત્યાં એક નહિ; બે દીકરા થશે. પણ 'આધા તુમ્હારા... આધા હમારા...' '' આવી રીતે જેઠાભાઈ બાપાશ્રીના આશીર્વાદ મળતાં ન્યાલંન્યાલ થયા.

પછી બાપાશ્રીએ રાજી થકા એક શ્રીફળ આપ્યું. (હજુ પણ આ શ્રીફળ હયાત છે.) ને સમય વીતતાં જેઠાભાઈને ત્યાં પ્રથમ પુત્રનો જન્મ થયો. તેમનું નામ રતિભાઈ પાડ્યું. જે 'આધા તુમ્હારા' એ આશીર્વાદ રૂપે હતા. ત્યારબાદ સંવત ૧૯૮૯, ફાગણ વદ એકમ,તા.૧૩-૩-૧૯૩૩, સોમવારના રોજ બીજા પુત્રરત્નનું પ્રાગટ્ય થયું. એમનું નામ દેવુભાઈ રાખ્યું. જે બાપાશ્રીના આશીર્વાદ 'આધા હમારા'ના ફળ રૂપે હતા. આ 'આધા હમારા' જે દેવુભાઈ એટલે જ એસ.એમ.વી.એસ.ના પ્રણેતા અને આપણા સૌના વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી.

## ❖ બાળપણ ❖

બાળપણમાં તોફાન અને ચંચળતા બાળકોમાં સહજ હોય છે. પરંતુ દેવુભાઈ તેનાથી તદ્દન પર હતા. તેઓ ખૂબ જ શાંત ને સૌમ્ય હતા. તેઓ સદા મૌન જ સેવતા. જેમ જળથી ભરેલો કુંભ ધીર-ગંભીર ને શાંત હોય તેમ આ બાળમુક્ત ભગવાનથી ભરેલા મુક્ત સમાન સૌને જણાતા.

સંવત ૧૯૯૪માં દેવુભાઈને ગામની ધૂળી નિશાળમાં ભણવા બેસાર્યા. એમને અવરભાવનું અને પરભાવનું બંને ભણતર અને ગણતર હસ્તગત જ હતું. તેમ છતાં અવરભાવની રીતે તેઓ બે ચોપડી સુધી ભણ્યા.

અવરભાવનું વાંચવા-લખવા માટે કક્કો અને બારાક્ષરી તથા એકથી સો સુધીના અંક શીખી લીધા. ત્યારબાદ નિશાળને અલવિદા કરી દીધી. તેઓ પોતે જે પરભાવનું ભણીને આવ્યા હતા અને જે હેતુ માટે એમનું પ્રાગટ્ય હતું તે સિદ્ધ કરવા માટે તેઓ આતુર રહેતા. તેઓ નિયમ-ધર્મમાં પણ ચુસ્તપણે વર્તતા.

એક વખત સવારે ગામના તળાવે સ્નાન કરવા ગયા. ત્યાં ગામની સ્ત્રીઓ કપડાં ધોતી હતી. તેમને જોઈને તુરત છેટેથી જ પાછા વળી ગયા. પછીથી તેઓ વહેલી સવારે સ્નાન કરવા જતા જેથી કરીને વહેલી સવારે તળાવ ઉપર સ્ત્રીઓની હાજરી ન હોય.

દેવુભાઈના પિતાશ્રીને કરિયાણાની બે દુકાન હતી. એક વાસણ ગામમાં અને બીજી વાંસવા ગામે. દેવુભાઈને વાંસવા ગામની દુકાને બેસાડતા હતા. તેઓ દુકાને પણ વચનામૃત અને બાપાશ્રીની વાતો વાંચવાનું ચાલુ રાખતા. કોઈ ગ્રાહક આવે એટલા પૂરતું ધ્યાન આપે ને વળી પાછા વચનામૃતમાં ડૂબી જતા. ઘણી વાર દુકાનેથી ઊઠીને મંદિરે પહોંચી જતા અથવા ઘરમાં મેડા ઉપર જઈને ધ્યાન કરવા બેસી જતા. ત્યારે પિતાશ્રી આનાકાની કરતા તો સ્પષ્ટ જણાવતા કે, “હું આ તમારું પાવરી તેલ, ઘી ને ગૉળ વેચવા નથી આવ્યો. હું તો મૂર્તિનો વેપારી છું અને અનંતને મૂર્તિ વહેંચવા આવ્યો છું.” આવી રીતે પોતાના ભવિષ્યનો ચિતાર મર્મ શબ્દોમાં આપી દેતા હતા.

## ❖ કિશોરાવસ્થા ❖

દેવુભાઈ કિશોરાવસ્થાએ પહોંચ્યા. તેમનું જીવન ધીર-ગંભીર અને ખૂબ મર્યાદી હતું. સદાય પ્રભુ ભજનભક્તિમાં મસ્ત રહેતા. એક ઘડી પણ વ્યર્થ ન બગાડતા.

ગામના ચોરે બેસી ટોળટપ્પા કરવા કે ગામગપાટા મારવા તે તેમની

જીવન રોજનીશી બહારનું હતું. આ અવસ્થાએ એક પગે ઊભા રહીને તપ કરતા અને એકટાણાં-ઉપવાસ કરતા એવો એમનો વૈરાગ્ય. બધેથી ઉદાસ રહેતા. ગામમાં આવેલ ભજનમંડળી-પારાયણમાં પ્રથમ રહીને ભક્તિ સમાધિમાં તલ્લીન થઈ જતા ને સૌને તલ્લીન કરતા. એમના મધુર સ્વરે ગવાતા ભજનોનું સૌને ભિન્ન જ આકર્ષણ થતું. સૌ કોઈ પોતાનું અસ્તિત્વ ભૂલી જતા. પરમાત્માના સુખનો અનુભવ કરતા.

એમાં પણ સદ્. મુનિસ્વામીના યોગે સોનામાં સુગંધ ભળે તેમ તેમનું જીવન વધુ ને વધુ ધર્મપરાયણ બન્યું હતું.

## ❖ સામર્થ્ય દર્શન ❖

દેવુભાઈ સ્વભાવે નિર્મળ અને આનંદી. પણ જગ-વ્યવહારસંબંધી રજોગુણી પ્રવૃત્તિ એમને જરાય ન રુચતી. તેઓને એક વાર નાના બહેનને લગ્ન બાદ પ્રથમ વખત તેડવા માટે ડરણ ગામે નછૂટકે જવાનું થયું. વળી, આ પ્રસંગ સાથે ત્યાં વેવાઈ પક્ષે કોઈના લગ્નનો પ્રસંગ પણ હતો. દેવુભાઈ આ બે પ્રસંગોનો સમન્વય થતાં મૂંઝાયા. એમને આ બિલકુલ ન ગમ્યું. તેથી તેઓ ત્યાં ગયા ખરા પણ અન્ય કોઈ સંબંધીના ઘરે એકાંત ઓરડામાં ઉતારો કરી લીધો. અહીં તેઓ સ્વામિનારાયણ ભગવાનનું ભજન અને ધ્યાન કરવા લાગ્યા. દેવુભાઈ પ્રભુભજનમાં એટલા બધા રત થઈ ગયા કે બહાર ચાલી રહેલ લગ્નપ્રસંગ પણ વીસરી ગયા.

લગ્નપ્રસંગ હજુ ચાલી રહ્યો હતો. એમાં અઘટિત બિના બની. જેનાં લગ્ન હતા તેમના પરિવારના જ એક ૧૦ વર્ષના દીકરા રસિકને અચાનક આંચકી ચડી અને ધબકારા બંધ થતાં નાડી બંધ થઈ ગઈ. દેહને ત્યાગી ધામમાં જતો રહ્યો. વિવાહનું બારમું થઈ ગયું. રડારોળ ચાલુ થઈ ગઈ. સૌના મનમાં એક જ પ્રશ્ન હતો : 'હવે શું કરવું ?' એવામાં કોઈક બોલ્યું, ''અરે સાંભળો,

દેવુભાઈ અહીં આવ્યા છે. એમને બોલાવો. એ બહુ મોટા મુક્ત છે.''

લગનિયાઓએ દેવુભાઈ પાસે જઈ એમને આખી વાત કહી સંભળાવી.

લગ્નના યજમાનશ્રીએ દેવુભાઈને પ્રાર્થના કરી : ''આપ સ્વામિનારાયણ ભગવાનના મુક્ત છો. ગમે તેમ કરી મારા દીકરાને જીવંત કરો.''

ત્યાં દેવુભાઈ બોલ્યા, ''કોઈ ચિંતા ન કરશો... મહારાજના પ્રૌઢપ્રતાપી 'સ્વામિનારાયણ મહામંત્ર'ની ધૂન કરો... મહારાજ તથા બાપાશ્રી જરૂર ભેળા ભળશે...'' અને તેઓ બાળક પાસે ગયા.

ઘનશ્યામ મહારાજની મૂર્તિને જળ ધરાવી જળ પ્રસાદીનું કર્યું ને તેમાં બાપાશ્રીની ચરણરજ (દેવુભાઈને બાપાશ્રી વિષે અપાર મહિમા હતો તેથી તેઓ બાપાશ્રીની પ્રસાદીની ચરણરજની ગોટી કાયમ સાથે રાખતા.) ઉમેરી મૃત્યુ પામેલા દીકરાના મુખમાં ચમચી વડે પ્રસાદીનું જળ મૂક્યું.

દેવુભાઈએ પણ મહારાજ અને બાપાશ્રીને ખૂબ પ્રાર્થના કરી, ''મહારાજ ! આપના ભક્તો આવા પ્રસંગે દુઃખી થાય એ ઠીક નહિ, ભેળા ભળો ને સૌને આનંદ વર્તે એવું કરો... હે બાપા, મંગળ કરો...''

ધૂન થોડી વાર ચાલી હશે ત્યાં મૃત થયેલ બાળક સળવળ્યો. એ મહારાજની દયાથી બેઠો થયો અને બે-ત્રણ ઘર દૂર રહેતાં પ્રજાપતિ ડોસીમાને મહારાજ ધામમાં લઈ ગયા.

આ વાતની કોઈને ખબર ન હતી પણ દેવુભાઈએ સૌને જણાવી : ''આ બાળકનું આયુષ્ય નહોતું છતાં મહારાજે તેને રાખ્યો અને અહીંથી બે-ત્રણ ઘર દૂર રહેતાં ડોસીમાનું આયુષ્ય હતું તોપણ મહારાજ એમને તેડી ગયા. આમ, મહારાજે અને બાપાશ્રીએ આ ભાઈ પર દયા કરી.'' મુક્તરાજ દેવુભાઈની વાત સાંભળી સૌ આશ્ચર્ય પામ્યા.

આવો ચૈતન્યનો અદલોબદલો તો સ્વયં મહારાજના ધામમાંથી પધારેલ દિવ્ય મુક્ત જ કરી શકે ને !

સૌ કોઈ વિચારી રહ્યા : 'દેવુભાઈ ખરા મુક્ત છે. સ્વામિનારાયણ ભગવાન

એમના દ્વારા વિશેષ પ્રતાપ જણાવે છે.' આ સામર્થ્ય-દર્શનથી સૌ દેવુભાઈ તરફ ભક્તિભર્યા આદરભાવથી નીરખી રહ્યા.

## ❖ સર્વોપરી નિષ્ઠાની દૃઢતા ❖

"સર્વોપરી ભગવાન મળ્યા અને એમની ઓળખાણ થયા પછી આ માથું બીજાને કેમ નમે ? બીજાનાં ગાણાં આ મુખે કરીને કેમ ગવાય ?" બસ એક જ વાત, "નિષ્ઠા એક નાથની (ભગવાન સ્વામિનારાયણની), બીજું કાંઈ ન જોઈએ." દેવુભાઈની આવી અકબંધ નિષ્ઠાની ધાક આખા વાસણ ગામમાં સૌને જણાતી. સ્વામિનારાયણ ભગવાનની નિષ્ઠાને લઈને દેવુભાઈ મૂઢમતિ એવા બાવાજીને ભારે પડ્યા. પછી બાવાજી દેવુભાઈની કેવી રીતે ટક્કર ઝીલી શકે ? છતાં પોતાના વર્ષો જૂના વર્ચસ્વને બચાવવા બાવાજીએ દેવુભાઈ સાથે અતાર્કિક ને અપ્રમાણિત વાતોનાં પ્રમાણ આપવાનાં ચાલુ રાખ્યાં. ચર્ચા આગળ ચાલી એટલામાં ગામના કેટલાય વડીલો ભેગા થઈ ગયા.

"બાવાજી, કાલે સવારે ગામની બહાર એક ખૂબ ઊંચો લીમડો છે. તેની ટોચ ઉપર ચડી બંને નીચે કૂદકો મારશું. જેના ભગવાન સર્વોપરી, સર્વ અવતારના અવતારી હશે તેની તે રક્ષા કરશે."

સ્વામિનારાયણ ભગવાનની નિષ્ઠાથી ઊભરાતા દેવુભાઈએ કરેલી સિંહગર્જનાથી બાવાજી અને ગામના વડીલો પણ અવાચક બની ગયા. 'સર્વોપરી કોણ ?'ના શબ્દોથી ગુંજતું પરિવેશ અચાનક દેવુભાઈના નિષ્ઠાવાચક શબ્દોથી નીરવ શાંતિમાં ફેરવાઈ ગયું.

"ભલે ત્યારે, કાલે ફેંસલો થઈ જાય... જોઈ લઈએ..." આમ, ગામલોકોની વચ્ચે પોતાની આબરૂ રાખવા બાવાજી અહંકારમાં આવી બોલ્યા. પરંતુ માંહી બાવાજીને ફફડાટ પેસી ગયો. તેઓ વિચારે ચડી ગયા : "જો હું ઉપરથી નીચે પડીશ તો મારું શું થશે ? મારાં એકેય હાડકાં

સાજાં નહિ રહે. દેવુભાઈ તો નિષ્ઠાવાળો છે પણ મારી તો...'' બાવાજી પોતાની ભગવાન પરત્વેની નિષ્ઠા જાણતા હતા તેથી તેમના મોતિયા મરી ગયા. આમ, ગામ આખું બાવાજીના પક્ષમાં હતું તેથી સૌ કોઈ દેવુભાઈ પર હસતા હતા અને અંદરોઅંદર વાતો કરતા હતા.

શ્રીજીમહારાજના સર્વોપરીપણામાં તેઓને કોઈ સંદેહ નહોતો તેથી તેઓ નિર્ભય અને સ્થિતપ્રજ્ઞ હતા. બીજા દિવસની સવાર પડી. તમાશાને તેડું ન હોય એમ ગામ આખું લીમડા પાસે ભેગું થયું. દેવુભાઈ તો સવારે તૈયાર થઈ ગયા હતા પણ બાવાજીનો ક્યાંય પત્તો નહોતો. બધાએ બાવાજીને શોધ્યા પણ તેઓ મળે નહીં. ત્યાં તો કોઈકે કહ્યું, ''બાવાજી તો રાતોરાત પોતાનું વર્ષો જૂનું ગામ છોડી બીકના માર્યા મૂકીને ક્યાંય ચાલ્યા ગયા છે.'' બાવાજી દેવુભાઈની નિષ્ઠા સામે ટકી શક્યા નહિ એટલે કહેવાય ન રહ્યા ને પલાયન થઈ ગયા. ગામલોકોએ ગામ આખામાં બાવાજીને ખૂબ શોધ્યા પણ ન મળ્યા. ''દેવુભાઈ સાચા ને એમના ભગવાનેય સાચા. વાહ ! દેવુભાઈ, વાહ !''

આમ, ગામલોકોને સહેજે દેવુભાઈની સ્વામિનારાયણ ભગવાન પરત્વે સર્વોપરીપણાની અડગ નિષ્ઠાનાં દર્શન થતાં સૌએ એમને વધાવી લીધા.

## ❖ ગૃહત્યાગ ❖

સંવત ૨૦૦૮માં (ઈ.સ. ૧૯૫૨માં) જીવનપ્રાણ અબજીબાપાશ્રીના અત્યંત કૃપાપાત્ર અને વારસદાર એવા મહાસમર્થ સિદ્ધમુક્ત સદ્. કેશવપ્રિયદાસજી સ્વામીનો (સદ્. મુનિસ્વામીનો) દેવુભાઈને ભેટો થયો.

અને અનુસાર પ્રથમ મિલાપમાં જ દેવુભાઈને સદ્. મુનિસ્વામીનું અનન્ય-અપ્રતિમ ઘેલું લાગ્યું.

સદ્. મુનિસ્વામીનું સંપૂર્ણ આંતરમુખી જીવન, ઠરેલપણું અને સાધુતાના સોળે શણગારથી શોભતી સૌમ્ય મૂર્તિનાં દર્શન થતાં દેવુભાઈને અસાધારણ

પ્રીતિ બંધાઈ ગઈ. સદ્. મુનિસ્વામી અવારનવાર નળકંઠા પધારતા ત્યારે તેઓ બધું ગૌણ કરી સ્વામીના સાંનિધ્યમાં રહેવા તથા જોગ-સમાગમ માટે પહોંચી જતા.

એક સિદ્ધમુક્તની જેમ આ વિરલ સ્વરૂપ હવે ઘણુંખરું અંતર્મુખ રહેવા લાગ્યા. દેવુભાઈ હવે બાપાશ્રીની સંકલ્પ સેવામાં હોમાવા તત્પરતાથી તક શોધી રહ્યા હતા.

'ક્યારે ઘર છોડું' અને 'મહારાજ અને બાપાશ્રીના સંકલ્પમાં ભળું' એ વિચારથી એમને ક્યાંય ચેન પડતું નહીં. જાણે મહારાજ-બાપા વારંવાર સાદ કરી રહ્યા હતા : "દેવુભાઈ ! હવે વખત થઈ ચૂક્યો છે..."

ત્યાગ-વૈરાગ્યની ખાંડાધારે ચાલવાનો એ મનોરથ પૂર્ણ કરવા દેવુભાઈ હવે તત્પર બન્યા. આથી પરિવાર-વ્યવહારના બંધનોથી દેવુભાઈ અકળાઈ જતાં એ પળ આવી પહોંચી. નવપ્રભાતના દિનકરની (સૂર્યની) કૂણી તાજગી સર્વત્ર પ્રસરે તે પહેલાં જ વાસણ ગામમાં એક અસાધારણ ઘટના ઘટી ગઈ. રાત્રિના બે વાગ્યે ઘરના કોઈ જ સભ્યોને જાણ કર્યા વિના દેવુભાઈએ અનંતને સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ વહેંચવા ગૃહત્યાગ કર્યો.

દેવુભાઈ જે માટે પધાર્યા હતા તે માટે માબાપ-પરિવારને મૂકી ત્યાગાશ્રમ સ્વીકાર્યો. આ મંગળ ઘડી હતી સંવત ૨૦૧૨ની (ઈ.સ. ૧૯૫૬ની). ૨૩ વર્ષની યુવાન વયે ત્યાગાશ્રમ સ્વીકારી અને અ.મુ. સદ્. શ્રી મુનિસ્વામીને જ્ઞાનગુરુ તરીકે સ્વીકારી 'સાધુ દેવનંદનદાસજી' એવું નામ ધારણ કર્યું.

## ❖ ગુરુમહિમા તથા ગુરુના વારસદાર ❖

સંત દીક્ષા ગ્રહણ કરીને ગુરુદેવ પ.પૂ. બાપજી સવિશેષ સદ્. મુનિસ્વામીનો સમાગમ કરતા. એમની કથાવાર્તામાંથી એક શબ્દ ન જવા દે ! સેવામાં હોય તોય એમના કાન તો સદ્. મુનિસ્વામીની કથામાં

જ હોય. આવો તેમનો વચનામૃત જ્ઞાનનો આગ્રહ જોઈને સદ્. મુનિસ્વામી એમના ઉપર ખૂબ પ્રસન્ન રહેતા. જ્યાં પણ વિચરણમાં જાય ત્યાં એમને લઈ જતા. તેમણે સદ્. મુનિસ્વામી સાથે કચ્છ, ઝાલાવાડ, ખાખરિયા, નળકંઠા વગેરે વિસ્તારમાં ખૂબ વિચરણ કર્યું હતું ને વચનામૃતનું સઘળું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. એમનો ઈશક જ એવો હતો કે, 'આ દિવ્યપુરુષ મુનિસ્વામી બિરાજે છે ત્યાં સુધી એમનો પૂરેપૂરો લાભ લઈ લેવો છે અને એમને રાજી કરી લેવા છે.'

એક દિવસ સદ્. મુનિસ્વામી પ્રસન્ન થકા બિરાજ્યા હતા અને ગુરુદેવ પ.પૂ. બાપજી દર્શન કરવા આવ્યા. દંડવત કરીને એમની સમીપે બેઠા ત્યારે અંતર્યામીપણે સદ્. મુનિસ્વામી બોલ્યા, "સ્વામી ! બોલો શું કહેવું છે ?" ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ હાથ જોડીને પ્રાર્થના કરતાં કહ્યું, "બાપા ! રાજી થઈને કંઈક આપો." ત્યારે સદ્. મુનિસ્વામી બોલ્યા, "અવરભાવમાં મારી પાસે જે કંઈ પગલાં-પદાર્થ, આસન વગેરે હતું તે બધું શિષ્યોને આપી દીધું છે. હવે તમને આપવા મારી પાસે એવી કોઈ વસ્તુ બચી નથી." ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ ફરી પ્રાર્થના કરતાં કહ્યું, "સ્વામી, મારે આપની પાસેથી પગલાં-પદાર્થ એવું આ લોકનું કાંઈ જોઈતું નથી. મારે તો આપના જ્ઞાનનો વારસો, સિદ્ધાંતનો વારસો જોઈએ છે. જે આપની પાસે અઢળક છે. તે આપવા કૃપા કરો." આ સાંભળતાં જ સદ્. મુનિસ્વામી અત્યંત પ્રસન્ન થઈ ઊઠ્યા અને અઢળક વરસતા હોય એમ બોલ્યા, "સ્વામી, શ્રીજીમહારાજે સર્વોપરી સિદ્ધાંતોના પ્રવર્તન માટે તો આપને મોકલ્યા છે અને બાપાશ્રીના સિદ્ધાંતોનો વારસો લઈને જ એમના આશીર્વાદથી આપ પ્રગટ્યા છો. માટે તે સિદ્ધાંતોનું પ્રવર્તન ખૂબ કરજો. એમાં અમે ખૂબ રાજી છીએ અને સદાય તમારી ભેળા જ છીએ." વળી પાછું કહ્યું કે, "અમે જ્યારે અવરભાવમાં ન હોઈએ ત્યારે બાપાશ્રીના હેતવાળા સમગ્ર સમાજને જ્ઞાન અને સિદ્ધાંતોથી સુખિયા કરજો ને સર્વેનું પોષણ કરજો." એમ કહીને અત્યંત

રાજી થઈને પોતાના બંને હસ્ત ગુરુદેવ પ.પૂ. બાપજીના શિરે મૂકી દીધા ને એમના સમગ્ર જ્ઞાન-સિદ્ધાંતનો આધ્યાત્મિક વારસો સોંપી દીધો.

ત્યારબાદ ફરીથી સદ્. મુનિસ્વામીએ એક પત્ર લખી ગુરુદેવ પ.પૂ. બાપજીને ખૂબ આશીર્વાદ પાઠવ્યા હતા ને ભલામણ કરી હતી કે, “બાપાશ્રીના હેતવાળા સર્વે સમાજને ખૂબ સુખિયો કરજો. અમે સદાય તમારી ભેળા જ છીએ.” આ પત્ર ગુરુદેવ પ.પૂ. બાપજીએ ૩૫ વર્ષ સુધી સાચવ્યો હતો.

## ❖ બાપાશ્રી પ્રત્યેની અસ્મિતા ❖

સરસપુર મંદિર કારણ સત્સંગનું મુખ્ય કેન્દ્ર હતું. અહીંયાં સદ્. ઈશ્વરસ્વામી, સદ્. વૃંદાવનસ્વામી ખૂબ રહેલા. અહીંયાં હરિભક્ત સમાજ પણ સદ્ગુરુશ્રીના હેતવાળો હતો. એટલે ગુરુદેવ પ.પૂ. બાપજીએ સરસપુર મંદિર રહેવાનું પસંદ કર્યું હતું. અહીંયાં એમણે કથાવાર્તાના અખાડા શરૂ કર્યા હતા અને સહુ હરિભક્તોને બાપાશ્રીની ઓળખાણ કરાવીને મહારાજનો સર્વોપરી મહિમા જીવમાં ઘાલ્યો હતો. એમ નાનકડું એવું હરિભક્તોનું મંડળ તૈયાર થયું. આ બધાએ ભેગા થઈને ગુરુદેવ પ.પૂ. બાપજીને મોટા મંદિરે (કાલુપુર) આસન અપાવ્યું. આ આસન નહોતું પણ નાનકડું રજોટિયું હતું ! જે ઉંદર અને ખિસકોલાનું ઘર હતું. આ ૮x૧૦ની નાનકડી ઓરડીમાં શ્રીજીના સંકલ્પ સમા ગુરુદેવ પ.પૂ. બાપજી સુખેથી બિરાજ્યા. એટલું જ નહિ, અહીંયાંથી એમણે સિદ્ધાંતોનો છડેચોક પ્રચાર-પ્રસાર શરૂ કર્યો.

રોજ વહેલી સવારે ઊઠી પાંચ વાગ્યા સુધીમાં પરવારીને ખીચડી મૂકી દેતા ! છ વાગ્યે મંગળા આરતી બાદ કથાવાર્તાના અખાડા આ ઓરડી પર શરૂ થઈ જતા. હરિભક્તો જુદા જુદા બદલાયા કરતા પણ વક્તા એના એ

જ ! કથાવાર્તા કરવામાં જમવાનું પણ રહી જતા સવારની બનાવેલી ખીચડી રાત્રે શયન આરતી બાદ હરિભક્તોની અવરજવર બંધ થાય ત્યારે જમાડવા ભેગા થતા. ઠરીને ઠીકરું થયેલ ટાઢી ખીચડી જમાડવાનો એમને રંજમાત્ર નહીં. પણ આખો દિવસ કથાવાર્તા કરીને હરિભક્તોને મહારાજ આપ્યાનો એમને ખૂબ આનંદ ! ખૂબ ઉમંગ !

બાપાશ્રીના આશીર્વાદથી પ્રગટેલા એટલે બાપાશ્રીના જ્ઞાનના પ્રવર્તન માટે ખૂબ જ દાખડો કરતા ! જે જે જોગમાં આવે તેના જીવમાં મહારાજ અને બાપાશ્રી ઘાલી દેતા ! એ વખતે મોટા મંદિરમાં બાપાશ્રીનું નામ લેવું કે એમના જ્ઞાનનો પ્રચાર કરવો એટલે પગ ઉપર કુહાડો મારવા સમાન હતું. કોઈને ખબર પડે તો ત્યાં ટકવું મુશ્કેલ પડે. આવા સંજોગોમાં પણ એમણે બાપાશ્રીનો અપરંપાર મહિમા ગાયો હતો. આ જોઈને કેટલાક સંત કહેતા હતા કે, ‘‘આ મંદિરમાં કોઈ ૧૦%, કોઈ ૨૦% બાપાશ્રીના હેતવાળા હશે પણ આ દેવસ્વામી તો ૧૧૦% બાપાના હેતવાળા છે.’’ આ સાંભળીને ગુરુદેવ પ.પૂ. બાપજી બાપાવાળા કહેવડાવવામાં ગૌરવ અનુભવતા હતા.

આમ, તેઓ કોઈની શેહશરમ કે કોઈની મહોબતમાં લેવાયા વગર બાપાશ્રીના જ્ઞાનનો પ્રચાર કરતા હતા.

## ❖ સાધુ જીવનમાં કઠણાઈ ❖

ઈ.સ. ૧૯૬૯ની આસપાસ જીવનની કટોકટીનો એ સમય હતો કે જ્યારે ગુરુદેવ પ.પૂ. બાપજી મોટા મંદિરે બિરાજતા. ત્યારે તેઓને ચરણમાં પહેરવા માટે જોડાં પણ નહોતાં. અડવાણા ચરણે દુઃખો વેઠીને આ દિવ્યપુરુષ ઠેર ઠેર વિચરતા. ચરણમાં કાંટા-કાંકરા વાગે, ઠંડી-ગરમી લાગે તેને સહર્ષ સહન કરીને જીવોને સુખિયા કરવા વિચર્યા જ કરતા. એક દિવસ ગુરુદેવ પ.પૂ. બાપજીને આવી રીતે અડવાણા ચરણે વિચરતા દેખીને એક મહિમાવાળા

હરિભક્તનું હૈયું ભરાઈ આવ્યું. તેઓ ખૂબ દુ:ખી થઈ ગયા અને દિલગીરી વ્યક્ત કરતાં બોલ્યા કે, "અરર... આટલો બધો દાખડો ! દિવસ-રાત જંપીને બેસવાનું નહીં. નિરંતર મહારાજ માટે ત્રણેય ઋતુઓને વેઠવાની; એય પાછા અડવાણા ચરણે...! મહારાજના હાચા સાધુને આટલી બધી કઠણાઈ ! એ તો કેમ ચાલે ! એમના ઉઘાડા ચરણ ક્યાં સુધી ! હવે એમને જોડાં વગર જરીક વારે કેમ રખાય !"

પછી તેમણે ગુરુદેવ પ.પૂ. બાપજીને અસલ ચામડાંનાં ચાર રૂપિયાનાં જોડાં લાવી આપીને સમયે તકની સેવા કરી. આ જોડાં ગામડામાં જૂના મોચી સીવે તેવાં ખૂબ મજબૂત હતાં. જે શિયાળામાં ખૂબ કડક થઈ જાય. તેથી ગુરુદેવ પ.પૂ. બાપજીને તે ચરણમાં ડંખે અને પહેરવામાં તકલીફ પડતી. તેથી ગુરુદેવ પ.પૂ. બાપજી વર્ષમાં એક વાર તેને તેલ ચોપડતા. આ જોડાં પહેરીને ગુરુદેવ પ.પૂ. બાપજીએ ખાખરિયા, ઝાલાવાડ અને નળકંઠાનાં અનેક ગામોમાં વણથંભ્યું રાત્રિ-દિન વિચરણ કર્યું હતું તેમજ ધર્માદો ઉઘરાવવા પણ જતા હતા.

ઈ.સ. ૧૯૭૪માં ઘનશ્યામનગર મંદિર થયું ત્યારે પણ ગુરુદેવ પ.પૂ. બાપજી એ જ જોડાં વાપરતા. ઈ.સ. ૧૯૮૩ની સાલ પર્યંત ચાર રૂપિયાનાં આ એકના એક જોડાંને ગુરુદેવ પ.પૂ. બાપજીએ ખૂબ કરકસરે યુક્ત ઉપયોગ કરીને ચૌદ વર્ષ સુધી વાપર્યાં હતાં.

### ❖ સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં ❖

ગુરુદેવ પ.પૂ. બાપજી નિયમ-ધર્મમાં પણ પૂરેપૂરા ચુસ્ત. શ્રીજીમહારાજની આજ્ઞામાં કદી રંચમાત્ર ફેર પડવા દીધેલો નહીં ! નિષ્ઠા અને નિયમની બાબતમાં કોઈ આંગળી ચીંધી શકે નહિ એવી પ્રખર એમની સાધુતા હતી.

એક વખત કોઈ આગેવાન ને વ્યવહારકુશળ સંતે ગુરુદેવ પ.પૂ. બાપજીને કહ્યું કે, ‘‘આ કળિયુગ છે. ભવિષ્યમાં કોઈ એવા શિષ્ય સેવા કરનાર હોય કે ના હોય અને તે વખતે સાજા-માંદા થાવ ત્યારે દવા માટે પૈસાની જરૂર પડશે માટે થોડાઘણા પૈસા તમે રાખો અથવા તમારે ન રાખવા હોય તો કોઈ બીજા પાસે રખાવો ! જો થોડાઘણા પૈસા હશે તો કોઈ સાધુય તમારી જોડે ટકશે - રહેવાનું પસંદ કરશે. માટે ભવિષ્યનું વિચારીને સમય-સંજોગો પ્રમાણે થોડુંઘણું દ્રવ્ય રાખો.’’ આ સાંભળીને ગુરુદેવ પ.પૂ. બાપજી એ આગેવાન સંત સામું જોઈને થોડું હસ્યા ને પછી ચોખ્ખું જ કહ્યું કે, ‘‘મેં અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન માટે મૂંડાવ્યું છે અને એમની ચૂંદડી ઓઢી છે. માટે મારું શું થશે એની ચિંતા શા સારુ કરું ? પૈસાનો વિશ્વાસ અને અનંતકોટિ બ્રહ્માંડના ધણીનો વિશ્વાસ નહીં ? હું મહારાજ અને બાપાનો બચ્ચો છું. સિંહ સો લાંઘણેય ખડ ન ખાય તેમ ગમે તેવા સંજોગ આવશે તોપણ શ્રીજીમહારાજની અલ્પ આજ્ઞામાં ફેર નહિ પડે. મારા માટે આજ્ઞા એટલે આજ્ઞા. માટે એ તો નહિ જ બને. મેં જેની ચૂંદડી ઓઢી છે એ જ મારા રક્ષણહાર છે માટે મને શ્રીજીમહારાજ પર સંપૂર્ણ ભરોસો છે કે એ સમયે સાચવી જ લેશે. ચિંતા બધી એ જ રાખશે. પૈસાનો આશરો લેવો આ તો વળી કેવી સમજણ ? આ તો કેવી તમારી સલાહ !’’ આવા તેઓ સ્પષ્ટવક્તા હતા તેમજ એમનું જીવન સિદ્ધાંતોને વરેલું હતું. અને એટલે જ એમનું સૂત્ર હતું કે, ‘સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં.’

## ❖ શુદ્ધ અજોડ ઉપાસનાયુક્ત મંદિરનું નિર્માણ ❖

સર્વોપરી શુદ્ધ ઉપાસનાયુક્ત મંદિરો રચવા અને ત્યાંથી શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસનાનું પ્રવર્તન કરવું આ શ્રીજીમહારાજનો સંકલ્પ હતો. તેને સાકાર કરવા જ ગુરુદેવ પ.પૂ. બાપજીનું પ્રાગટ્ય હતું. ઘરના હરિભક્તોને ભારે કથાવાર્તાનું પોષણ મળી રહે તે માટે તેઓ બાપુનગરના મલેકસાબાન

સ્ટેડિયમની પાળે કથાવાર્તા કરતા હતા. એમાં ઘણા નવા મુમુક્ષુઓ જોડાતા ગયા. પણ હવે ક્યાં સુધી આવી રીતે ખુલ્લામાં સ્ટેડિયમની પાળે જ સભા કરવી ? એટલે તેઓએ મંદિર માટે બાપુનગર વિસ્તારની આસપાસ જમીનની શોધખોળ ચાલુ કરાવી. એવામાં ઓઢવ વિસ્તારમાં પ.ભ. પરષોત્તમભાઈ રામાણીએ ઘનશ્યામનગર સોસાયટીની પ્લૉટિંગની સ્કીમ મૂકેલી. આ જગ્યા ગુરુદેવ પ.પૂ. બાપજીને બતાવી. તેમણે દૃષ્ટિ કરતાં જ કહ્યું, ‘‘આ જગ્યા ઉપર મહારાજ અને બાપા બિરાજમાન થશે.’’ એટલે એ વખતે ઈ.સ. ૧૯૭૨ની સાલમાં ૧૫૦૦ વારનો પ્લૉટ મંદિર માટે નક્કી કર્યો. જેની કિંમત આશરે ૭૧૨૫ રૂપિયા જેટલી થતી હતી. પરંતુ ગુરુદેવ પ.પૂ. બાપજી તો સાવ નિષ્કિંચન હતા. જમીનના પૈસા ચૂકવવા ક્યાંથી ? તેમ છતાં મહારાજના અપાર બળથી જગ્યા રાખી લીધી. એ વખતે હરિભક્તોની આર્થિક સ્થિતિ પણ દુર્બળ હતી. તેથી ૫, ૧૦, ૨૫, ૩૧, ૫૦ રૂપિયાની સેવા ઉઘરાવીને પૈસા ભેગા કરતા હતા. કોઈ ૧ રૂપિયો નોંધાવે તોપણ તેની સેવા સ્વીકારતા હતા. આમ તેમણે પાઈ પાઈ ભેગી કરીને મંદિરની જગ્યા લીધી હતી. ત્યારબાદ ગુરુદેવ પ.પૂ. બાપજીએ મહારાજના બળથી બાંધકામનું કામ ચાલુ કરાવ્યું. તેઓ કામકાજની દેખરેખ રાખવા માટે રોજ કાલુપુરથી ચાલતા ઘનશ્યામનગર આવતા હતા. કેમ કે રિક્ષાભાડા માટે બે રૂપિયા પણ નહોતા. એક વખત સાથે ચાલતા હરિભક્ત ચાલીને થાક્યા એટલે કહ્યું, ‘‘ચાલો, રિક્ષા કરી લઈએ.’’ ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, ‘‘હરિભક્તોએ મંદિરના બાંધકામ માટે પૈસા લખાવ્યા છે. રિક્ષામાં બેસવા માટે નહીં !’’ શ્રીજીમહારાજના બળે શરૂ કરેલું મંદિરના બાંધકામનું કાર્ય આખરે પૂર્ણ થયું. સંવત ૨૦૩૦, ચૈત્ર વદ છઠ, તા. ૧૨-૪-૧૯૭૪ના દિવસે મૂર્તિપ્રતિષ્ઠાનો દિવસ નક્કી થયો. અને આ દિવસે સૌપ્રથમ વાર સિંહાસનમાં શ્રીજીમહારાજ અને મુક્તોને પધરાવીને ગુરુદેવ પ.પૂ. બાપજીએ સંપ્રદાયમાં એક નૂતન ક્રાંતિનો ચીલો ચાતરી દીધો.

## ❖ યુવાનોના વાત્સલ્ય મૂર્તિ ❖

યુવાનો માટેનો અનર્ગળ સ્નેહ એટલે જ ગુરુદેવ પ.પૂ. બાપજીને યુવાજગત નતમસ્તકે નમી પડતું.

ગુરુદેવ પ.પૂ. બાપજીનો યુવાનો માટેનો દૃષ્ટિકોણ અનુપમ રહેતો. યુવાનોનું મન જીતવાની ને પ્રેમ સંપાદન કરવાની એમની કળાઓ માતાપિતા માટે દીવાદાંડી સમાન છે. ગુરુદેવ પ.પૂ. બાપજી પોતાની યુવાસેનાને આગવા નામથી બોલાવી વાત્સલ્ય વરસાવતા. શ્રી ધર્મકુમાર પંડ્યાને ગુરુદેવ પ.પૂ. બાપજી ‘પંડ્યો’ કહી બોલાવતા. તેઓ ઑફિસથી છૂટે કે તરત જ ગુરુદેવ પ.પૂ. બાપજીના આસને દોડી આવતા. એનું મુખ્ય કારણ હતું ગુરુદેવ પ.પૂ. બાપજીના મુખે બોલાતો શબ્દ ‘પંડ્યો’.

નવાવાસમાં રહેતા જ્યોતિન્દ્રકુમાર આદેસરાને ગુરુદેવ પ.પૂ. બાપજી ‘વીંછી’ કહીને સંબોધતા. વળી, ઘણી વાર ‘ચશ્મેરી’ કહીને પણ બોલાવતા. એ જ રીતે નરેન્દ્રભાઈ બશેરીને ‘બશેરી’ અને નરેન્દ્રભાઈ ત્રિવેદીને ‘અઢીશેરી’ કહીને નવાજતા. આવા વ્હાલભર્યા ને પોતીકા શબ્દો ગુરુદેવ પ.પૂ. બાપજી અને યુવકો વચ્ચેનો એક અભિન્ન અને અતૂટ નાતો ઊભો કરી દેતા.

ગુરુદેવ પ.પૂ. બાપજી ઘનશ્યામનગર મંદિરે ઘણી વાર બ્રહ્મસત્રોનું આયોજન કરતા. એમાં આ યુવા મંડળને અચૂકથી બોલાવતા. યુવકોનું ગુરુદેવ પ.પૂ. બાપજી વિશેષપણે જતન અને સાથે સાથે ઘડતર પણ કરતા.

સવારે દરેક યુવાનોને જગાડવા ગુરુદેવ પ.પૂ. બાપજી સ્વયં જતા. એમની ઉઠાડવાની અદામાં પણ પ્રેમાળતાની મહેક હતી. પોતાના જમણા પગના અંગૂઠાનો સ્પર્શ કરી યુવકોને જગાડતા. ગુરુદેવ પ.પૂ. બાપજીના ચરણનો સ્પર્શ થતાં યુવકો ચરણ પકડી લેતા. સવારમાં ઊઠતાંની સાથે તેઓ યુવકોને વાત્સલ્યથી ભરી દેતા.

સૌ યુવકમુક્તો પરવારે ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજી સૌને દૂધ-નાસ્તો કરાવવા આવી જતા. સૌને જાતે પીરસીને ખૂબ આનંદ કરાવતા.

જ્યારે બ્રહ્મસત્રનો છેલ્લો દિવસ આવે ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજી જાતે મીઠાઈ ને ફરસાણનાં પડીકાં ભરતા અને દરેક યુવકને ઘરે જતા પહેલાં "લે, આ પીરહણું ઘરે લઈ જા." એમ કહી પડીકું આપતા.

યુવકો એમની આ રીતથી ગળગળા થઈ જતા ને બોલતા, "સ્વામી, અમારે તમારું જતન કરવાનું હોય ને તમે અમારું જતન કરો છો !" આટલું કહેતાં એ દિવ્યપુરુષની માતૃવાત્સલ્યતાથી યુવકોનાં હૃદય આર્દ્ર બનતાં.

ગુરુદેવ પ.પૂ. બાપજીના વાત્સલ્યતાસભર સ્નેહને સંભારતાં આજે પણ એ યુવકો ગદ્‌ગદિત થઈ જાય છે. વૃદ્ધાવસ્થાએ પહોંચેલા એ યુવકો આજે પણ ગુરુદેવ પ.પૂ. બાપજીના સ્નેહને ભૂલી શકતા નથી.

## ❖ ગુરુ-શિષ્યનું પ્રથમ મિલન ❖

ગુરુદેવ પ.પૂ. બાપજી ઘનશ્યામનગર મંદિરે રહેતા હતા. ત્યાંથી કાલુપુર આસને જતા હતા. ગુરુદેવ પ.પૂ. બાપજીની જોડમાં માત્ર એક સાધુ હતા. તે એમને મદદરૂપ થવાને બદલે ભારરૂપ વધારે થતા. ગુરુદેવ પ.પૂ. બાપજીને એમની બધી જ સેવા કરવી પડતી હતી.

એક દિવસ ગુરુદેવ પ.પૂ. બાપજી રંગમહોલના ઘનશ્યામ મહારાજ સમક્ષ કરગરીને ભાવવિભોર થઈને 'મેરે તો એક તુમ હી આધારા...' આ પ્રાર્થના કરતા જાય ને નેત્રમાંથી અશ્રુધારા વહેતી જાય. મહારાજને કરગરતાં કહ્યું, "મહારાજ, મારે તો આપના સર્વોપરી સ્વરૂપને જેમ છે તેમ ઓળખાવવું છે. મારે આપનો જેવો છે તેવો મહિમા અનંતને સમજાવવો છે. આ કારણ સત્સંગના જ્ઞાનને વિશ્વવ્યાપી કરવું છે તો મને એક એવો સાધુ આપો જે આ કારણ સત્સંગના સિદ્ધાંતોને વિશ્વવ્યાપી કરે." ઘનશ્યામ

મહારાજે પણ આ નિષ્કામ અને નિર્મળ પ્રાર્થનાનો તુરત સ્વીકાર કર્યો ને એ જ દિવસે સંવત ૨૦૩૪ના ચૈત્ર સુદ નોમ, તા. ૧૬-૪-૧૯૭૮ ને રવિવારના દિવસે શ્રીજીમહારાજના ઉચ્ચતમ આદર્શોયુક્ત જીવનનું દર્શન કરાવનાર ઘનશ્યામભાઈ નંદાણીને ગુરુદેવ પ.પૂ. બાપજીનો ભેટો થયો. ઘનશ્યામભાઈને પ્રથમ વખત જ ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શન કરતાં જ અનુભવાયું કે,

"પ્રથમની પ્રીત હતી, પ્રથમ મેળાપ થયો;
દીપક જે પ્રેમ તણો, અચાનક પ્રગટાઈ ગયો."

## ❖ ઉત્તમ શિષ્યને સ્વયં શ્રીજીમહારાજે દીક્ષા આપી ❖

ગુરુદેવ પ.પૂ. બાપજીનાં પ્રથમ દર્શને જ ઘનશ્યામભાઈને આગવી પ્રીતિનો નાતો બંધાઈ ગયો. પ્રથમ મુલાકાતમાં જ ઘનશ્યામભાઈએ મનોમન નક્કી કરી લીધું હતું કે, 'આ દિવ્યપુરુષના ચરણોમાં જીવન સમર્પિત કરી એમને રાજી કરી લેવા છે.'

ગુરુદેવ પ.પૂ. બાપજીએ ઘનશ્યામભાઈ સાથે ઔપચારિક વાતચીત કરી આસને સત્સંગ કરવા આવવા કહ્યું. ત્યારબાદ ઘનશ્યામભાઈ રોજ રાત્રે ગુરુદેવ પ.પૂ. બાપજીનો સમાગમ કરવા એમના આસને જતા. તે દરમ્યાન તેઓનો સી.એ.નો (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનો) અભ્યાસ ચાલુ હતો. તા. ૭-૧૦-૮૦ના રોજ રાત્રે ૧૨ વાગ્યે ગુરુદેવ પ.પૂ. બાપજીએ સૌપ્રથમ વખત ઘનશ્યામભાઈને આજ્ઞા કરી કે, "હવે વખત પાકી ગયો છે. મહારાજ-બાપા તમને બોલાવી રહ્યા છે માટે તૈયાર થઈ જાવ." ત્યારે ઘનશ્યામભાઈએ ગુરુદેવ પ.પૂ. બાપજીને પ્રાર્થના કરતાં કહ્યું કે, "દયાળુ, અમારે તા. ૧, ૨, ૩-૧૧-૮૦ સી.એ.ની અંતિમ પરીક્ષા છે. તો જો આપ રાજી હોવ તો પરીક્ષા આપીને તરત જ આવી જઈશ." ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ

ઘનશ્યામભાઈને કહ્યું કે, "તમે આ લોકનું ઑડિટ કરવા નથી આવ્યા. તમે તો અક્ષરધામનું ઑડિટ કરવા માટે આવ્યા છો. માટે આપણે કંઈ પરીક્ષા આપવી નથી." ને કમાનમાંથી જેમ તીર છૂટે ને વીંધી નાખે તેમ ગુરુદેવના મુખમાંથી ઉચ્ચારાયેલા શબ્દોએ ઘનશ્યામભાઈને વીંધી નાખ્યા. ગુરુની હાકલ થતાં તા. ૮-૧૦-૧૯૮૦ને દિવસ મુક્તરાજ ઘનશ્યામભાઈ સાધુ થવા આવી પહોંચ્યા હતા. ઘનશ્યામનગર મંદિરે તા. ૧૮-૧૨-૧૯૮૦ ને સંવત ૨૦૩૬ના માગશર સુદ ૧૧ના રોજ સાંજે ચાર વાગ્યે ઘનશ્યામ મહાપ્રભુના સાંનિધ્યમાં દીક્ષા વિધિ કાર્યક્રમ યોજાયો. દીક્ષા વિધિ વખતે જ સ્વયં શ્રીજીમહારાજે તેજોમય દર્શન આપીને પૂ. ઘનશ્યામ ભગતને ભગવાં વસ્ત્ર અર્પણ કર્યાં અને ફૂલનો હાર પહેરાવી ભાલમાં ચાંદલો કરતાં કહ્યું કે, "જો અમે તને દીક્ષા આપીએ છીએ. અમે સદાય તારા ભેળા જ છીએ. અને તું ગમે તેવા પાપી કે અધમ જીવોના પણ મોક્ષસંબંધી સંકલ્પ કરીશ તે સર્વ અમે સત્ય કરીશું." અને ત્યારબાદ ગુરુદેવ પ.પૂ. બાપજીએ અંતર્યામીપણે શ્રીજીમહારાજના આશીર્વાદને ઉજાગર કરતું નામ 'સત્યસંકલ્પદાસજી' પાડ્યું.

ત્યારબાદ ગુરુદેવ પ.પૂ. બાપજી પોતાના અનુગામી સર્વશ્રેષ્ઠ શિષ્ય સાથે કારણ સત્સંગના સિદ્ધાંતોનું પ્રવર્તન કરવા ગામોગામ વિચરણ કરવા લાગ્યા.

## ❖ સાંપ્રદાયિક બંધનોથી નિર્બંધ થયા ❖

ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી બાપાશ્રીએ પ્રબોધેલા કારણ સત્સંગના જ્ઞાન-સિદ્ધાંતોનો ફેલાવો જોરશોરથી કરી રહ્યા હતા. આ જોઈ ઘણા વિઘ્નસંતોષીઓને ગમ્યું નહીં. તેથી તેઓ કોઈ પણ રીતે આ પ્રચાર-પ્રસારને રોકવા માગતા હતા. આ સંકલ્પ સ્વયં શ્રીજીમહારાજનો હતો. તેને રોકનાર કોણ હતું ? તેમ છતાં વિઘ્નસંતોષીઓએ પોતાની માયાજાળ

ફેલાવીને ઉગ્ર દ્વેષ ઊભો કર્યો હતો. તેમણે સત્સંગના ઉચ્ચ સ્થાન પર બેઠેલાઓને કાનભંભેરણી કરીને તેઓને ગેરમાર્ગે દોર્યા. પરિણામે ઉપરથી જ ફરમાન આવ્યું કે, 'જો તમારે આ ગાદીમાં, આ પ્રથામાં રહેવું હોય તો બાપાશ્રીનો મહિમા ગાવો નહિ, રહસ્યાર્થ વચનામૃત અને બાપાશ્રીની વાતો વાંચવી નહિ તેમજ અમારા સાધુ જે રીતે વર્તે છે, જે રીતે રહે છે એવી જ રીતે વર્તવું ને રહેવું.' જે ખરેખર ગુરુદેવ પ.પૂ. બાપજી માટે શક્ય જ નહોતું. તેથી ગુરુદેવ પ.પૂ. બાપજીએ સ્પષ્ટ જ કહ્યું કે, "અમે શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના સિદ્ધાંતો માટે મૂંડાવ્યું છે. બાપાશ્રી તો અમારું જીવન છે. તેમને મૂકી શકાશે નહીં. માટે હવે આપને જે નિર્ણય કરવો હોય તે મહારાજને ભેળા રાખીને કરજો. જે નિર્ણય હશે તે અમને માન્ય છે !" ધાર્યું બધું શ્રીજીમહારાજનું થાય છે તેથી તેઓ મોટા મંદિરેથી તા. ૧૧-૨-૧૯૮૪ના દિવસે નિર્બંધ થયા. હવે કારણ સત્સંગના સિદ્ધાંતોના પ્રચાર-પ્રસાર માટે જાણે મહારાજે જ માર્ગ મોકળો કરી આપ્યો હતો. તેથી હવે વિચરણ કરવા, સત્સંગ પ્રચાર કરવા ઈન્ટરનેશનલ લાઈસન્સ મહારાજે અપાવી દીધું હતું.

## ❖ એસ.એમ.વી.એસ.નો ઉદ્‌ભવ ❖

ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની અદ્વિતીય સાધુતા તથા સિદ્ધાંતવાદીપણાથી અનેક મુમુક્ષુઓ આકર્ષાતા હતા. ધીરે ધીરે હરિભક્તોનું સંખ્યાબળ વધતું ગયું.

ગુરુદેવ પ.પૂ. બાપજીનો સંકલ્પ હવે નદીપાર વિસ્તારમાં શિખરબદ્ધ મંદિર કરવાનો હતો. તે પણ શ્રીજીમહારાજે જલદી પૂર્ણ કરતાં વાસણા વિસ્તારમાં જગ્યા મળી ગઈ. શરૂમાં કાચી પતરાની ઓરડી તૈયાર કરીને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ એક સંત સાથે નિવાસ કર્યો. મંદિરનો નકશો

ઝડપથી તૈયાર કરીને મંદિરનું કામ શરૂ કરાવ્યું. એ વખતે મોટાં દાન કરી શકે એવા કોઈ હરિભક્તો નહોતા. હજુ માંડ માંડ જમીનના પૈસા પૂરા કર્યા હતા ત્યાં શિખરબદ્ધ મંદિરનું નિર્માણકાર્ય શરૂ કરી દીધું હતું. બાંધકામના પૈસા લાવવા ક્યાંથી ? કોન્ટ્રાક્ટરને પૈસા ક્યાંથી ચૂકવીશું ? એ બધું જ શ્રીજીમહારાજને ભરોસે છોડીને કામ આદર્યું હતું. શ્રીજીમહારાજ પણ સમયે સમયે જ્યારે જ્યારે પૈસાની ચૂકવણીની જરૂર પડે ત્યારે યેનકેન પ્રકારે સગવડ કરી આપતા હતા. ને એક વર્ષના ગાળામાં મંદિરનિર્માણનું કાર્ય પૂર્ણ થઈ ગયું.

ઘનશ્યામ મહાપ્રભુનો સંકલ્પ સાકાર કરવાની ઘડી આવી ગઈ હતી. સંવત ૨૦૪૩, મહા વદ ૯, તા. ૨૨-૨-૧૯૮૭ના દિવસે મધ્યખંડમાં ઘનશ્યામ મહાપ્રભુની આરસની મૂર્તિની પ્રતિષ્ઠા ભવ્ય રીતે થઈ. અને શ્રીજીમહારાજને મધ્યખંડમાં બિરાજમાન કરવાનો સંકલ્પ પૂર્ણ થયો ને સર્વત્ર જયજયકાર થઈ રહ્યો. ત્યારપછી જ, આ ક્ષણથી જ સ્વામિનારાયણ સંપ્રદાયે ઈતિહાસની કરવટ બદલવી શરૂ કરી દીધી હતી. આ દિવસથી સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિને વિશ્વવ્યાપી કરવાનો સંકલ્પ ફેલાઈ ચૂક્યો હતો અને આ દિવસથી જ આ એસ.એમ.વી.એસ.નો પ્રાદુર્ભાવ થયો અર્થાત્ સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા ઉદય પામી હતી. આ દિવસ પછીથી શ્રીજીમહારાજ અત્યંત પ્રસન્નતા જણાવતા હોય તેમ એસ.એમ.વી.એસ. દિવસે ન વધે એટલી રાત્રે વધે છે અને રાત્રે ન વધે તેટલી દિવસે વધે છે. તેનું મૂળ કારણ શ્રીજીમહારાજનો પ્રબળ સંકલ્પ અને અત્યંત પ્રસન્નતા છે.

## ❖ અવિરત વિચરણ ❖

"દાતણ હોય ત્યાં દીવો નહિ ને દીવો ત્યાં નહિ દાતણ." એવું અવિરત વિચરણ કરી ભગવાન શ્રી સ્વામિનારાયણ અનેક મુમુક્ષુઓને આત્યંતિક કલ્યાણના કોલ આપતા. એવું જ અવિરત વિચરણ ગુરુદેવ પ.પૂ. બાપજીના જીવનમાં પણ તાદૃશ્ય થાય છે કે તેઓ સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપની ઓળખાણ કરાવી આત્યંતિક કલ્યાણના કોલ આપવા સખત દાખડો કરતા રહ્યા. અથાક વિચરણના આગ્રહનું મૂર્તિમંત સ્વરૂપ એટલે ગુરુદેવ પ.પૂ. બાપજી.

ઈ.સ. ૨૦૧૫ના ભાદરવા મહિનામાં એક દિવસ માણસા પાસેના દાંતા ગામમાં પ્રોગ્રામ રાખેલો. સવારે સાત વાગ્યે વાસણાથી નીકળી વિજાપુર, વિસનગર, માણસા કેટલીક પધરામણીઓ પતાવી દાંતા ખાતે પ્રોગ્રામમાં પહોંચ્યા. દાંતા ગામે પ્રોગ્રામ પતાવી એક વાગ્યે વાસણા પરત પધાર્યા ને અડધા દિવસમાં તો લગભગ ૩૦૦ કિ.મી.ની સફર થઈ. બપોરે વાસણા આવી ઠાકોરજી જમાડ્યા ને તરત જ સુરત જવા નિર્ધાર્યું. પૂ. સંતો તથા સાથેના કેટલાક હરિભક્તોએ બપોરે થોડોક આરામ કરવા નમ્ર પ્રાર્થના કરી. પરંતુ દરિયાના પાણીને રોકી ન શકાય તેમ આ દિવ્યપુરુષના આગ્રહો ને સંકલ્પોમાં રુકાવટ લાવી ન શકાય. ગુરુદેવ પ.પૂ. બાપજી તો બપોરે જમાડીને સુરત જવા ગાડીમાં બેસી ગયા. ત્યાં જઈને પણ લગભગ બાર-તેર જેટલી પધરામણીઓ કરી ને રાત્રે આઠ વાગ્યે સુરત મંદિરે પહોંચ્યા. એમ એક દિવસમાં કુલ ૬૦૦ કિ.મી.નું વિચરણ કર્યું. આખા દિવસનો થાક લાગ્યો છે તે સામે દૃષ્ટિ કરવાને બદલે બીજા દિવસે ૮ કલાકની સભા કરી સૌના જીવમાં મહારાજનો મહિમા ભરી સૌને ખૂબ બળિયા કર્યા. તે જ દિવસે ઠાકોરજી જમાડી રાત્રે વડોદરા જવા નીકળ્યા.

બીજા દિવસે વડોદરા પ્રાતઃ સભા પતાવી સીધા જ અમદાવાદ-નરોડા

સભામાં હાજરી આપી અને સાંજે સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર સમૈયામાં લાભ આપવા પધાર્યા. આવી રીતે પોતાના સ્વાસ્થ્ય પરત્વે કઠોરતા કેળવી અવિરત વિચરણ તેઓએ કર્યું છે.

## ❖ એસ.એમ.વી.એસ. સંસ્થાના પાયારૂપ ૭ મૂલ્યો આપ્યા❖

ભગવાન સ્વામિનારાયણની શુદ્ધ સર્વોપરી ઉપાસનાના પ્રવર્તન અર્થે જ જેમનું પ્રાગટ્ય હતું એવા ગુરુદેવ પ.પૂ. બાપજીએ શ્રીહરિના વાસ્તવિક મૂળભૂત સિદ્ધાંતોના વિશ્વવ્યાપી પ્રવર્તન માટે સંપ્રદાયમાં નૂતન ક્રાંતિ આણી. ‘કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે, થશે ને થશે જ.’ આ સૂત્રને ધારી તેઓ અપમાનો ને તિરસ્કારોના અંગારાને વેઠતા રહ્યા. તેઓના સઘળા પ્રયત્નોના ફળ સ્વરૂપે આજે એસ.એમ.વી.એસ. સંસ્થા આધ્યાત્મિક, સામાજિક તેમજ આદિવાસી અને મહિલા ઉત્કર્ષ જેવી અનેકવિધ પ્રવૃત્તિના પ્રશંસનીય અજવાળા સમગ્ર વિશ્વમાં પાથરી રહી છે.

આજકાલની ઉદ્‌ભવેલી નાના છોડ જેવી સંસ્થાનો વટવૃક્ષ સમો વિકાસ થવાનું કારણ શું ? સંસ્થાના વિકાસમાં એવાં તો શું રહસ્યો સમાયેલાં છે જે સંસ્થાને આટલા બધા ઉજાગર કરી રહ્યાં છે ?

ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી સંસ્થાની રહસ્યમય વિકાસયાત્રાના પાયારૂપ ૭ મૂલ્યો જણાવતા હોય છે :

**૧. શ્રીજીમહારાજનો સંકલ્પ :**

શ્રીજીમહારાજે કારિયાણી મુકામે સદ્. ગોપાળાનંદ સ્વામીને પોતાના પ્રાગટ્યના ૭ હેતુ કહ્યા ત્યારે એમાંનો ત્રીજો અને મુખ્ય હેતુ જણાવ્યો હતો કે, “અનંત જીવોને પોતાનું સર્વોપરી જ્ઞાન તથા સર્વોપરી ઉપાસના સમજાવવી અને જીવોને અનાદિમુક્તની સ્થિતિ કરાવી પોતાના મુક્ત ભેગા ભેળવવા.” શ્રીહરિની આ સંકલ્પપૂર્તિની અડગ નેમ લઈને અનેક વિરોધો વચ્ચે આ પુરુષે શુદ્ધ સર્વોપરી ઉપાસનાયુક્ત મંદિરો, શુદ્ધ શાસ્ત્રો અને એવા સંત-હરિભક્ત

સમાજનું નિર્માણ કર્યું છે. શ્રીહરિના સંકલ્પપૂર્તિના ફળ સ્વરૂપે શ્રીહરિનો કૃપાધોધ એસ.એમ.વી.એસ. પર વરસી રહ્યો છે. જે એસ.એમ.વી.એસ.ના વિકાસનું પ્રથમ તથા અગ્રિમ કારણ છે.

**૨. એકમાત્ર શ્રીજીમહારાજનું જ કર્તાપણું :**

“આ સંસ્થા મહારાજની છે. આ સંસ્થાના સ્થાપક, પ્રેરક અને પ્રયોજક એકમાત્ર શ્રીજીમહારાજ છે. હે સંતો-હરિભક્તો ! કદી ધણી ન થતા. અનંતકોટિ બ્રહ્માંડમાં ધણી એકમાત્ર શ્રીજીમહારાજ છે. જો આપણે ધણી થયા તો શ્રીજીમહારાજ હાથ લઈ લેશે. સદાય એકમાત્ર શ્રીજીમહારાજનું જ કર્તાપણું રાખજો.” ગુરુદેવ પ.પૂ. બાપજીએ આ શીખને સમગ્ર એસ.એમ.વી.એસ. સમાજને વજ્રની પૃથ્વીમાં વજ્રની ખીલીની જેમ દૃઢ કરાવી દીધી છે. તેથી જ એસ.એમ.વી.એસ.ની પ્રગતિ અકલ્પનીય રીતે થઈ રહી છે.

**૩. સિદ્ધાંતવાદી સત્પુરુષની ભેટ :**

જેમ ડ્રાઈવર વિનાની ગાડી કે ટ્રેન ઠપ થઈ જાય તેમ સત્પુરુષ વિનાની સંસ્થા હાર્ટ ફેઈલ થયેલા દર્દી સમાન છે. એસ.એમ.વી.એસ.ની રહસ્યમય વિકાસયાત્રાનું વિધ્યર્થ ભૂષણ જો કોઈ હોય તો એ છે એસ.એમ.વી.એસ.ના આદ્ય સ્થાપક ગુરુદેવ પ.પૂ. બાપજી અને એમની પ્રતિકૃતિ સમા દિવ્યપુરુષ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી. તેઓના દીર્ઘદષ્ટિભર્યા પ્રયાસોના ફળ સ્વરૂપે આજે આ સંસ્થા સિદ્ધાંત પ્રવર્તનના વિજયધ્વજો લહેરાવી રહી છે.

**૪. સત્પુરુષના સંગે રાજીપાની ભૂખવાળો સમાજ :**

ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના રોમેરોમમાં એ વણાયેલું છે કે, ‘બસ, મહારાજને રાજી કરી જ લેવા છે.’ એમની અખંડ એકમાત્ર રાજીપા સામે દૃષ્ટિ છે એટલે જ સમગ્ર એસ.એમ.વી.એસ. સમાજમાં એવી રાજીપાની ભૂખ જાગી છે. એમના સંગ-પ્રસંગે જ આખો સમાજ લીલો છે. તેના ફળ સ્વરૂપે આજે એસ.એમ.વી.એસ.ના દરેક સંત-હરિભક્ત, બાઈ-ભાઈ સર્વેના જીવનમાં આ વાત નક્કી થઈ છે કે, ‘આપણો

જન્મ મહારાજને રાજી કરવા માટે જ છે.'

**૫. સંખ્યાની ગૌણતા અને ગુણવત્તાની પ્રધાનતા :**

ભગવાન સ્વામિનારાયણ જેવા ગુણવત્તાના આગ્રહી હતા તેવો જ ગુણવત્તાનો આગ્રહ ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી સેવી રહ્યા છે. તેઓએ કદી સમાજની આધ્યાત્મિક અને વર્તનની બાબતમાં ઓછું ચલાવ્યું નથી. તેથી જ એસ.એમ.વી.એસ. સંસ્થા ગુણવત્તાથી સંપ્રદાયમાં નામના પામી છે. આ ગુણવત્તા એસ.એમ.વી.એસ.ના વિકાસનું અવિભાજ્ય પાસું બની ચૂકી છે.

**૬. સંતો–ભક્તોનાં બલિદાન અને સમર્પણ :**

એસ.એમ.વી.એસ. સંસ્થાના શૂન્યમાંથી વિશ્વવ્યાપી સર્જનના પાયામાં હજારો ને લાખો સંતો-ભક્તોનાં બલિદાનો ને સમર્પણ સમાયેલાં છે. સંસ્થા માટે નાનામાં નાની તનની સેવા કરનાર હરિભક્તથી લઈ આખે આખા કરોડાનાં મંદિરો કરાવનાર સર્વે હરિભક્તોનું યોગદાન વંદનીય છે. આવાં કંઈક બલિદાનો અને સમર્પણો સંસ્થાના વિકાસના પાયામાં પૂરાયેલાં હોવાથી એસ.એમ.વી.એસ. સંસ્થા આજે વિશ્વવ્યાપી સફળતાનાં શિખરો સર કરી રહી છે.

## ❖ આદર્શ અનુગામીની ભેટ ❖

ગુરુદેવ પ.પૂ. બાપજીએ પોતાની અનુકૃતિ સમાન ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની ભેટ સમગ્ર એસ.એમ.વી.એસ. સમાજને આપી છે. તેઓની અતિ મોટી મહાનતા તો એ હતી કે તેઓએ પ્રથમથી જ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને સત્પુરુષ તરીકે પ્રસ્થાપિત કર્યા હતા. તેમ છતાં એસ.એમ.વી.એસ. સંસ્થાના ૨૫ વર્ષ પૂર્ણ થયાં નિમિત્તે 'એસ.એમ.વી.એસ. રજત જયંતી મહોત્સવ' ઊજવાયો ત્યારે તા. ૨૭-૧૨-૨૦૧૨ના રોજ ગુરુદેવ પ.પૂ.

બાપજીએ વિધિવત્ રીતે સમગ્ર સમાજની વચ્ચે પોતાના અતિ વ્હાલા શિષ્ય ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને પોતાના આધ્યાત્મિક તથા વ્યવહારિક અનુગામી તરીકે જાહેર કર્યા હતા. સમગ્ર સમાજે આ પળને હર્ષોલ્લાસ સાથે તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

## ❖ સંપ્રદાયમાં પ્રભાવ ❖

'સાચા શૂરા રે, જેના વેરી ઘાવ વખાણે.' પંક્તિ અનુસાર આજે સમગ્ર સંપ્રદાય ગુરુદેવ પ.પૂ. બાપજીના મહિમાનું ગૌરવભેર ગાન કરી રહ્યો છે.

એક વાર આપણી સંસ્થાના એક હરિભક્ત સૌરાષ્ટ્ર ખાતે સહકુટુંબ પંચતીર્થી કરવા ગયેલા. ત્યાં એક સ્થળે તેમને ત્યાંના એક મોટેરા સંતનો ભેટો થયો. તેમણે હરિભક્તને પૂછ્યું કે, "ક્યાંથી આવો છો ?"

"અમદાવાદથી આવું છું."

"અમદાવાદમાં કયા મંદિરે જાવ છો ?"

"વાસણા મંદિરે જાઉં છું."

"એ તો દેવસ્વામીનું ને !"

"હા... હા... એ જ."

"તો તમે બાપજીના શિષ્ય છો ?"

"હા."

"પરંતુ તમે એમના કાચા શિષ્ય લાગો છો."

"કેમ આવું કહો છો ?"

"તમે જે તીર્થોનાં દર્શન કરવા નીકળ્યા છો એવાં અનંત તીર્થો તમારા ગુરુના ચરણોમાં છે. તેમનાં દર્શનમાં અનંત તીર્થોનાં દર્શન આવી ગયાં."

આ છે સંપ્રદાયમાં ગુરુદેવ પ.પૂ. બાપજીનું પ્રભાવ દર્શન.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ અનેક કષ્ટોની કાંટાળી કેડી પર ચાલી સમગ્ર

સંપ્રદાયમાં ઉપાસનાની ક્રાંતિ આણી છે. તેઓના ઉપાસના પ્રવર્તનના આ મહાભિનિષ્ક્રમણથી સમગ્ર સંપ્રદાયમાં એક વાયકા પ્રસરી છે કે, “સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપને જેમ છે તેમ ઓળખવું હોય તો જાવ વાસણા દેવસ્વામી પાસે.” સંપ્રદાયના ધર્મધુરંધરો અને મોટા મોટા સદ્‌ગુરુઓના મુખમાંથી નીસરતા આવા અનેક ઉદ્‌ગારો ગુરુદેવ પ.પૂ. બાપજીની અલૌકિક ઊંચાઈનું દર્શન કરાવે છે.

“જો તમારે વચનામૃત ઉપર કથા કરતા શીખવું હોય તો તમે વાસણાવાળા દેવસ્વામીની કૅસેટ સાંભળો. એ કૅસેટના શ્રવણના અભ્યાસથી જ તમે વચનામૃતના યથાર્થ રહસ્યો સમજી શકશો.” અન્ય સંસ્થાના ગુરુપદે બિરાજમાન એક સદ્‌ગુરુ સંતે પોતાના નવદીક્ષિત સંતને કરેલી આ ભલામણ છે જે ગુરુદેવ પ.પૂ. બાપજી વચનામૃતના અનુભવજ્ઞાની છે તેનું દર્શન કરાવે છે. એટલે જ તો આજે સમગ્ર સંપ્રદાય ગુરુદેવ પ.પૂ. બાપજીને ‘વચનામૃતના આચાર્ય’ તરીકે નવાજી રહ્યો છે.

“નંદસંતોની રીતિ-નીતિનાં અને ચા જેટલું પણ સૂક્ષ્મ વ્યસન ન હોય તેવા સહજાનંદી સિંહ સમા સંતો-હરિભક્તોનાં દર્શન કરવાં હોય તો જાવ એસ.એમ.વી.એસ.માં.” આવી અનેક અમીટ અમૃત છાપ ગુરુદેવ પ.પૂ. બાપજીએ સંપ્રદાય સમક્ષ ઉપસાવી છે. જે તેઓના રાત્રિ-દિવસના અવિરત દાખડાનું પરિણામ છે.

ગુરુદેવ પ.પૂ. બાપજીના અનેક કલ્યાણકારી ગુણો જેવા કે, નિર્દંભ સાધુતા, દયાળુતા, અજાતશત્રુતા, પારદર્શકતા, સિદ્ધાંતવાદિતા વગેરેમાંથી સંપ્રદાય અદ્યાપિ ઉત્કૃષ્ટ જીવનની પ્રેરણા લઈ રહ્યો છે.

# ગુરુદેવ પ.પૂ. બાપજીની અંતિમ ભલામણ અને સદા પ્રગટપણું

ગુરુદેવ પ.પૂ. બાપજીએ મહારાજના સંકલ્પો, આદર્શો-સિદ્ધાંતો યાવદ્ચંદ્રદિવાકરૌ રહે તે માટે પોતાનું સમગ્ર જીવન પસાર કરી દીધું. ગુરુદેવ પ.પૂ. બાપજીએ જ્યારે અંતિમ મંદવાડ ગ્રહણ કર્યો અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી વિદેશથી પરત પધાર્યા ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ પોતાનો અંતર્ધાન થવાનો સંકલ્પ સ્પષ્ટ રીતે જણાવતાં કહેલું કે, “સ્વામી, તું મને રજા આપ.” ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ ખૂબ જ રડીને ગુરુદેવ પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી પરંતુ ગુરુદેવ પ.પૂ. બાપજીની મરજી પ્રબળ હતી.

છેવટે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુદેવ પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી કે, “બાપજી ! આપ રાજી તો છો ને ?” ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, “અમે ખૂબ રાજી છીએ.” ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ આગળ પ્રાર્થના કરતાં કહ્યું કે, “બાપજી, આપની અમારા માટે કાંઈ ભલામણ હોય તો કહો.” ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ આપણને પોતાના દીકરા ગણીને સમગ્ર એસ.એમ.વી.એસ.ના સંત-હરિભક્ત સમાજને ભલામણ રૂપે ત્રણ બાબતની આજ્ઞા કરી હતી :

**૧. સ્વામિનારાયણ ભગવાનની નિષ્ઠા દૃઢ કરીને રાખજો :**

એકમાત્ર સ્વામિનારાયણ ભગવાનનો જ મહિમા, એમની જ નિષ્ઠા રાખવી. એમના સિવાય અન્ય કોઈ અવતારનો ભાર કે પ્રતીતિ ન રાખવી.

**૨. નિયમ-ધર્મમાં કદી ફેર ન પડવા દેશો :**


શ્રીજીમહારાજે સમગ્ર ત્યાગી-ગૃહી સમાજને આપેલાં પાંચ વર્તમાન દૃઢ કરીને રાખીએ. ગમે તેવી પરિસ્થિતિ-સંજોગમાં પણ નિયમ-ધર્મમાં કોઈ પ્રકારે સમાધાન ન જ કરવું.

**૩. સર્વે સંતો-હરિભક્તો બધા સંપીને રહેજો :**

આ કારણ સત્સંગનો દિવ્ય સમાજ છે, અનાદિમુક્તોનો સમાજ છે એવી દિવ્યદૃષ્ટિ કેળવી સૌની સાથે આત્મીયતાથી રહીએ.

અરસપરસ સૌમાં મહારાજનાં દર્શન કરી આપણે સૌ આત્મીયતાથી રહીશું તો ગુરુદેવ પ.પૂ. બાપજીના આશીર્વાદ પ્રમાણે કારણ સત્સંગ જરૂરથી વિશ્વવ્યાપી થશે, થશે ને થશે જ.

ગુરુદેવ પ.પૂ. બાપજી એટલે સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી શુદ્ધ ઉપાસનાના યુગ પ્રવર્તક. જેમણે સંવત ૨૦૭૫, શ્રાવણ વદ છઠ્ઠ (તા. ૨૨-૮-૨૦૧૯)ના રોજ અવરભાવમાં ૮૭ વર્ષ દર્શન આપી પોતાનો દેખાતો અવરભાવ સ્વતંત્ર રીતે અદૃશ્ય કર્યો. જેથી આપણને અને સંપ્રદાયને બહુ મોટી ખોટ પડી છે. તેમ છતાં ગુરુદેવ પ.પૂ. બાપજી ગયા નથી. સદાય છે જ. આપણી ભેળા જ છે. આ સમજણ રાખી સદાય ભર્યા રહીએ, કૃતાર્થ રહીએ.



# ૨ ગુરુદેવ પ.પૂ. બાપજી : કલ્યાણકારી જીવનયાત્રા

ભગવાન સ્વામિનારાયણ અને જીવનપ્રાણ અબજીબાપાશ્રીના દિવ્ય સંકલ્પથી જ જેઓનું અવરભાવમાં પ્રાગટ્ય થયું એવા શ્રીજી સંકલ્પરૂપ દિવ્ય સત્પુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજીના જીવનની તથા તેઓએ કરેલા મહાન અદ્‌ભુત આધ્યાત્મિક તથા સામાજિક કાર્યોની પ્રાગટ્યથી લઈને વર્તમાન સુધીની દિવ્ય સ્મૃતિઓની આછેરી ઝરમર માણીએ :

**ઈ.સ. ૧૯૨૩** : પ.ભ. શ્રી જેઠાભાઈ ઠક્કરને પુત્રપ્રાપ્તિને માટે જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ આશીર્વાદ આપ્યા.

**ઈ.સ. ૧૯૩૩** : સંવત ૧૯૮૯, ફાગણ વદ એકમ, તા. ૧૩-૩-૧૯૩૩ના રોજ ધુળેટીના મંગલકારી દિને મુક્તરાજ દેવુભાઈનું (પ.પૂ. બાપજીનું) પ્રાગટ્ય થયું.

**ઈ.સ. ૧૯૫૨** : સદ્. મુનિસ્વામીનો દેવુભાઈને ભેટો થયો.

**ઈ.સ. ૧૯૫૩** : દદુકા ગામે દેવુભાઈએ પ.ભ. શ્રી કેશવલાલભાઈ નંદાણીને પુત્રપ્રાપ્તિ માટે સદ્‌ગુરુ મુનિબાપાને પ્રાર્થના કરી આશીર્વાદ અપાવ્યા.

**ઈ.સ. ૧૯૫૬** : ૨૩ વર્ષની યુવાન વયે સંત દીક્ષા ગ્રહણ કરી ‘સાધુ દેવનંદનદાસજી’ એવું નામ ધારણ કર્યું.

**ઈ.સ. ૧૯૫૯** : સંવત ૨૦૧૫, આસો સુદ નોમ, તા. ૮-૧૦-૧૯૫૯ના રોજ દશેરાના મંગલકારી દિને મુક્તરાજ ઘનશ્યામનું (પ.પૂ. સ્વામીશ્રીનું) પ્રાગટ્ય થયું.

**ઈ.સ. ૧૯૬૮** : સદ્. મુનિસ્વામીએ ગુરુદેવ પ.પૂ. બાપજીને પોતાના સિદ્ધાંતોનો વારસો આપ્યો.

**ઈ.સ. ૧૯૭૦** : ગુરુદેવ પ.પૂ. બાપજીએ અમદાવાદમાં બાપુનગર વિસ્તારમાં ઘનશ્યામનગર મંદિરનો શિલાન્યાસ કર્યો.

**ઈ.સ. ૧૯૭૪** : અમદાવાદમાં ઓઢવ વિસ્તારમાં ઘનશ્યામનગર ખાતે સૌપ્રથમ શુદ્ધ ઉપાસનાયુક્ત મંદિરની સ્થાપના કરી.

**ઈ.સ. ૧૯૭૬** : સંસ્થાના માસિક સામયિક 'ઘનશ્યામ'નો પ્રારંભ કર્યો.

**ઈ.સ. ૧૯૭૮** : મુક્તરાજ ઘનશ્યામભાઈનું મોટા મંદિરે ગુરુદેવ પ.પૂ. બાપજી સાથે પ્રથમ મિલન થયું.

**ઈ.સ. ૧૯૮૦** : ગુરુદેવ પ.પૂ. બાપજીએ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને ભાગવતી સંત દીક્ષા આપી.

**ઈ.સ. ૧૯૮૧** : 'ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ' ઘનશ્યામનગર મંદિરે ઊજવાયો.

**ઈ.સ. ૧૯૮૪** : ઘનશ્યામનગર મંદિરનો દશાબ્દી ઉત્સવ ઊજવાયો અને એ નિમિત્તે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ સૌપ્રથમ વિચરણમાં પંચમહાલ ખાતે ૨૭ ગામમાં સત્સંગ કરાવ્યો.

**ઈ.સ. ૧૯૮૪** : કારણ સત્સંગના પ્રવર્તન કાજે તા. ૧૧-૨-૧૯૮૪ના રોજ સાપ્રંદાયિક બંધનથી નિર્બંધ થયા.

**ઈ.સ. ૧૯૮૬** : તા. ૮-૬-૧૯૮૬ના દિવસે ધામધૂમથી ઈસનપુર મંદિરનું નિર્માણ થયું.

**ઈ.સ. ૧૯૮૭** : શ્રીજીમહારાજના પ્રસાદીભૂત સ્થાન વાસણા ખાતે પ્રથમ શિખરબદ્ધ મંદિરનું નિર્માણ પામતા 'સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા'ની સ્થાપના થઈ.

**ઈ.સ. ૧૯૮૭** : સમાજના બાળ, યુવા તથા વડીલ આદિ સર્વે પુરુષ-મહિલા બંને વર્ગને સત્સંગ સભાઓ દ્વારા બળ આપવા માટે દિગ્વિજય મંડળોની સ્થાપના કરી.

**ઈ.સ. ૧૯૯૩** : 'જીવનપ્રાણ અબજીબાપાશ્રી સાર્ધ શતાબ્દી મહોત્સવ'ના પૂર્વ તબક્કા રૂપે લુણાવાડા ખાતે 'બાપાશ્રી મહોત્સવ' ઊજવાયો.

**ઈ.સ. ૧૯૯૫** : ૧૩ દિવસનો આશરે ૧૨૫ એકરની વિશાળકાય જગ્યામાં માત્ર ૧૪ સંતોના સહયોગથી 'જીવનપ્રાણ

અબજીબાપાશ્રી સાર્ધ શતાબ્દી મહોત્સવ' ઊજવાયો.

**ઈ.સ. ૧૯૯૫-૯૬ :** ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ લંડન, અમેરિકા અને કુવૈત ખાતે સૌપ્રથમ વખત વિદેશ વિચરણ કર્યું.

**ઈ.સ. ૨૦૦૧ :** મહિલા પણ સંસાર ત્યાગી ભગવાન ભજી શકે તે માટે ગુરુદેવ પ.પૂ. બાપજીએ પૂ. ત્યાગી મહિલામુક્તોના 'ભક્તિનિવાસ' એકમની સ્થાપના કરી.

**ઈ.સ. ૨૦૦૧-૦૨ :** 'સ્વામિનારાયણ મહામંત્ર દ્વિશતાબ્દી મહોત્સવ' ઊજવ્યો અને સ્વામિનારાયણ ધામની સંસ્થાના મુખ્ય વડામથક તરીકે સ્થાપના કરી.

**ઈ.સ. ૨૦૦૨ :** બાળ કેળવણી માટે એસ. એમ. વી. એસ. સ્વામિનારાયણ ધામ બૉય્ઝ ગુરુકુલની સ્થાપના કરી.

**ઈ.સ. ૨૦૦૩ :** અમેરિકાના ન્યૂજર્સી સ્ટેટમાં જર્સીસિટી ખાતે એસ. એમ. વી. એસ.નું સૌપ્રથમ મંદિર નિર્માણ પામ્યું.

**ઈ.સ. ૨૦૦૬ :** ભવ્ય 'વચનામૃત રહસ્યાર્થ બાપાશ્રી વાણી શતાબ્દી મહોત્સવ' ઊજવ્યો.

**ઈ.સ. ૨૦૦૭ :** સંસ્થાના તમામ સેન્ટરો અને તમામ પ્રવૃત્તિ એક તાંતણે જોડાયેલી રહે તે માટે સ્વામિનારાયણ ધામ ખાતે વહીવટી કાર્યાલયોની રચના કરી.

**ઈ.સ. ૨૦૦૮ :** ગુરુદેવ પ.પૂ. બાપજીના ૭૫મા પ્રાગટ્યોત્સવે 'અમૃત પર્વ શિબિર' ઊજવાઈ.

**ઈ.સ. ૨૦૦૯-૧૦ :** રજત જયંતી મહોત્સવ ઉપક્રમે ૨૯ મંદિરોનાં નિર્માણકાર્ય તથા ભૂમિપ્રવેશના પ્રોગ્રામ થયા.

**ઈ.સ. ૨૦૧૧ :** મુમુક્ષુને સંત થતાં પૂર્વે સર્વાંગી ઘડતર કરવા માટે 'સમર્પિત તાલીમ કેન્દ્ર ' (એસ.ટી.કે.)નો પ્રારંભ કર્યો.

**ઈ.સ. ૨૦૧૧** : કન્યા કેળવણી માટે 'એસ. એમ. વી. એસ. સ્વામિનારાયણ ધામ ગર્લ્સ ગુરુકુલ'ની ગાંધીનગર ખાતે સ્થાપના કરી.

**ઈ.સ. ૨૦૧૨** : એસ.એમ.વી.એસ. સંસ્થાને ૨૫ વર્ષ પૂર્ણ થતાં 'એસ. એમ. વી. એસ. રજત જયંતી મહોત્સવ' ઊજવાયો ને ગુરુદેવ પ.પૂ. બાપજીએ પોતાના અનુગામી સત્પુરુષ તરીકે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની ઘોષણા કરી.

**ઈ.સ. ૨૦૧૩** : મુમુક્ષુ યુવતીઓનું મહિલા સંત થતા પૂર્વે સર્વાંગી ઘડતર કરવા માટે મહિલા વિભાગમાં 'સમર્પિત તાલીમ કેન્દ્ર'નો પ્રારંભ થયો.

**ઈ.સ. ૨૦૧૪** : ગુરુદેવ પ.પૂ. બાપજી દ્વારા સમજાવવામાં આવી રહેલ શ્રીજીસંમત કારણ સત્સંગના મૂળભૂત સિદ્ધાંતોના ગ્રંથ 'સ્વરૂપનિષ્ઠા'નું પ્રકાશન થયું.

**ઈ.સ. ૨૦૧૫** : સામાજિક તથા રચનાત્મક પ્રવૃત્તિઓનો લાભ આપવા તથા તેના સંચાલન માટે 'એસ.એમ.વી.એસ. ચૅરિટિઝ'ની સ્થાપના કરી.

**ઈ.સ. ૨૦૧૫** : ગુરુદેવે આપેલ ઉચ્ચ હેતુ, આદર્શો તેમજ સિદ્ધાંતોથી રચાયેલ સંસ્થાના પાતાળમાં પાયા પહોંચાડવા 'સંસ્થા બંધારણ'ની રચના કરી.

**ઈ.સ. ૨૦૧૫** : સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાઓ અને સંતોના આશ્રમની અણીશુદ્ધતા રહે તે માટે 'સંત બંધારણ'ની રચના કરી.

**ઈ.સ. ૨૦૧૬** : નોર્થ અમેરિકા સત્સંગ પ્રવૃત્તિના સુવ્યવસ્થિત સંચાલન માટે અમેરિકાના ચેરીહિલ સિટી, ન્યૂજર્સી ખાતે સ્વામિનારાયણ ધામની નોર્થ અમેરિકાના વડામથક તરીકે સ્થાપના કરી.

**ઈ.સ. ૨૦૧૬** : બળદિયા ખાતે જીવનપ્રાણ અબજીબાપાશ્રીના મૂળભૂત પ્રાગટ્યસ્થાન પર છત્રીનું નિર્માણ થયું.

**ઈ.સ. ૨૦૧૯** : ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના અતિ દયાળુ સ્વભાવના પરિપાક રૂપે સમાજસેવા માટે ‘એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ હૉસ્પિટલ’ની સ્થાપના કરી.

**ઈ.સ. ૨૦૧૯** : ગુરુદેવ પ.પૂ. બાપજીની હયાતીમાં જ એમની કથાવાર્તાને સંકલિત કરી લઘુ ગ્રંથ ‘ગુરુદેવ પ.પૂ. બાપજીની અમૃત વાતો-૧’નું પ્રકાશન થયું.


**ઈ.સ. ૨૦૧૯** : ગુરુદેવ પ.પૂ. બાપજીએ સ્વતંત્રપણે અંતર્ધાન લીલા કરી.

**ઈ.સ. ૨૦૧૯** : તા. ૩૧-૧૦-૨૦૧૯ના રોજ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુદેવ પ.પૂ. બાપજીના દિવ્ય સ્મૃતિસ્થાને અનાદિમુક્ત પીઠિકાનું ઉદ્‌ઘાટન કર્યું.

**ઈ.સ. ૨૦૨૦** : ગુરુદેવ પ.પૂ. બાપજીની સ્મૃતિ અન્વયે એસ. એમ. વી. એસ. સ્વામિનારાયણ ધામ ગર્લ્સ ગુરુકુલ ખાતે નિઃશુલ્ક અભ્યાસ તથા રહેવા-જમવાની વ્યવસ્થાનો પ્રારંભ થયો.

**ઈ.સ. ૨૦૨૦** : પંચમહાલના બાળકોને અભ્યાસની તથા રહેવા જમવાની તમામ નિઃશુલ્ક સગવડ આપતું ગોધર ખાતે એસ. એમ. વી. એસ. સ્વામિનારાયણ ગુરુકુલનું નિર્માણ થયું.

સંસ્થાનું શૂન્યમાંથી સર્જન કરી વિશ્વના ફલક પર પહોંચાડી શ્રીહરિની સર્વોપરી ઉપાસનાનું છડેચોક પ્રવર્તન કરનાર યુગ પ્રવર્તક સત્પુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદના...



# 3 ગુરુદેવ પ.પૂ. બાપજી : દિવ્ય કલ્યાણકારી ગુણો

અનેક સાધનિકોને સાધના માટેની ઉત્તમ પ્રેરણા આપતું સ્વરૂપ એટલે ગુરુદેવ પ.પૂ. બાપજી. પોતે સ્વામિનારાયણ ભગવાનના સિદ્ધ અનાદિમુક્ત સત્પુરુષ હોવા છતાં અનેકને દિવ્યજીવનની પ્રેરણા આપવા તેઓ ઉત્કૃષ્ટ નમૂનારૂપ જીવન જીવ્યા છે. જેની અલ્પ ઝાંખી કરતાં મુમુક્ષુના હૃદયમાં નવીનતમ શાંતિ અનુભવાય છે.

## ❖ શ્રીજીમહારાજનું કર્તાપણું ❖

કર્તુમ્-અકર્તુમ્-અન્યથા કર્તુમ્ એટલે અનંતકોટિ બ્રહ્માંડમાં કર્તાપણું એકમાત્ર શ્રીજીમહારાજનું જ છે. બીજા કોઈનું કર્યું કશું જ થતું નથી. આવું કર્તાપણું તેઓના જીવનમાં પળે પળે જોવા મળે. પોતે સ્વયં સમર્થ સિદ્ધપુરુષ હોવા છતાં દૃષ્ટિ એકમાત્ર શ્રીજીમહારાજ સામે જ કરાવી છે. પોતાના વચને લાખો લોકોના કામ થયાં હોય, દીન-દુઃખિયાનાં દુઃખો મટ્યાં હોય છતાં પણ તેઓએ તેનો યશ સદાયને માટે શ્રીજીમહારાજને જ આપ્યો છે. પોતે સદાય અકર્તા રહી એક શ્રીજીમહારાજને કર્તા કરી સૌને ભગવાનમાં જ જોડ્યા છે. વળી, જો કોઈ આવીને એમણે કરેલી કૃપાનો યશ તેઓને આપે તો તેમને ઝેર જેવું લાગે અને તુરત જ કર્તાપણું એક મહારાજનું જ છે આ સમજણ દૃઢ કરાવે.

## ❖ ધર્મ-નિયમમાં અડગ ❖

પ્રારંભના એ દિવસો કે જ્યારે એ દિવ્યપુરુષ પાસે કેવળ અગવડોની ભરમાર હતી. ખીચડીમાં નાખવા હળદર નહોતી, જોડમાં સાધુ પણ નહોતા, ચરણમાં ધારણ કરવા જોડાં પણ નહિ તેવા સમે પણ તેઓએ સિદ્ધાંત પ્રવર્તન માટે થઈને ક્યારેય પણ નિયમ-ધર્મમાં છૂટછાટ લીધી નથી. માંદગીના કપરા દિવસોમાં પણ ક્યારેય શ્રીજીમહારાજની આજ્ઞાને ઉલ્લંઘી નથી. સમય સાથે

થતો બદલાવ તેઓના જીવનમાં કદી જોવા મળ્યો નથી. અખંડ એકધારી સ્થિતિમાં વર્ત્યા છે. પોતે તો નિયમ-ધર્મની દઢતા રાખી છે. પરંતુ પોતાના જોગમાં આવેલ સંત-હરિભક્ત સમાજમાં પણ આ અંગે કોઈ જ કચાશ રહેવા દીધી નથી. અને એટલે જ આજે સમગ્ર સંપ્રદાયમાં તેઓની ધર્મ-નિયમની અડગતા મોખરે રહી છે. ધર્મ-નિયમની દઢતા રાખવા માટે તેઓએ કદી કોઈની મહોબત રાખી નથી કે કદી કોઈની શેહ-શરમમાં દબાયા નથી.

## ❖ નિષ્કામીપણું ❖

નિષ્કામ ધર્મ એ સાધુનું મુખ્ય આભૂષણ છે. પરંતુ ગુરુદેવ પ.પૂ. બાપજી માટે તો એવું કહેવાય કે તેઓના અષ્ટ પ્રકારે સ્ત્રીના ત્યાગસભર જીવનને લઈને નિષ્કામ ધર્મ દેદીપ્યમાન થાય છે.

ઈ.સ. ૧૯૮૪માં ઘનશ્યામનગર મંદિરનો દશાબ્દી મહોત્સવ હતો. તે માટે પત્રિકાઓ છપાવી હતી. સમગ્ર જનતાને જાહેર આમંત્રણ હતું. ગુરુદેવ પ.પૂ. બાપજી સાથે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી અને કેટલાક પૂ. સંતો સચિવાલયમાં ત્યાંના મંત્રીશ્રી ખોડીદાન ઝુલા સાહેબને આમંત્રણ આપવા ગયેલા.

ગુરુદેવ પ.પૂ. બાપજી તેમની ઑફિસ પાસે પહોંચ્યા ત્યારે ખ્યાલ આવ્યો કે તેમની ઑફિસમાં બીજા એક મહિલા અધિકારી પણ બેઠાં છે. તેથી ગુરુદેવ પ.પૂ. બાપજીએ ઝુલા સાહેબને કહેવડાવ્યું કે, "અમે આપને મહોત્સવમાં પધારવા આમંત્રણ આપવા માટે આવ્યા છીએ પણ અંદર મહિલા અધિકારી બેઠાં છે. તેથી અમારે અંદર ન અવાય. જો તેઓ થોડી વાર માટે બહાર આવી શકતાં હોય તો અમે અંદર આવી શકીશું." ઝુલા સાહેબે આ વાત જાણી. તેઓ આવી સંતતાનાં દર્શન કરી અતિ પ્રભાવિત થયા ને તુરત પેલાં મહિલા અધિકારીને વિનંતી કરી થોડી વાર માટે બહાર જવા કહ્યું. તે મહિલા અધિકારી

બીજા દ્વારે બહાર ગયાં પછી જ ગુરુદેવ પ.પૂ. બાપજી અન્ય સંતોને લઈ અંદર ગયા.

આ છે એમની નિષ્કામી વર્તમાનની દૃઢતા !!!

## ❖ નિર્લોભીપણું ❖

ઈ.સ. ૨૦૧૭, માર્ચમાં એક વખત ગુરુદેવ પ.પૂ. બાપજીના આસનેથી સેવા માટે ડોરબેલ વાગ્યો. બેય સેવક સંતો ગુરુદેવ પ.પૂ. બાપજીના આસને એકસાથે પ્રવેશ્યા. "દયાળુ, મહારાજ... શું સેવા હતી ?" પ્રથમ સેવક સંત બોલ્યા. ગુરુદેવ પ.પૂ. બાપજી નિરુત્તર રહ્યા. ફરી બીજા સેવક સંતે સેવા અંગે પૃચ્છા કરી. ગુરુદેવ પ.પૂ. બાપજી કંઈ બોલ્યા વિના મંદ મંદ હસતા હતા.

"બાપજી, આપને કંઈ જોઈએ છે ?" મૌનને નિવૃત્તિ આપતાં ગુરુદેવ પ.પૂ. બાપજી બોલ્યા, "અમારે બીજું કાંઈ જોઈતું નથી. અમને અખંડ, નિરંતર એક શ્રીજીમહારાજ જ ગમે છે..." આમ, ગુરુદેવ પ.પૂ. બાપજી કાયમી એક શ્રીજીમહારાજની જ જરૂરિયાત જણાવે છે.

દિવ્ય સત્પુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજીએ લોભ નામે એક શ્રીજીમહારાજની મૂર્તિ રાખી છે.

## ❖ નિઃસ્વાદીપણું ❖

મૂર્તિસુખના સ્વાદક એવા ગુરુદેવ પ.પૂ. બાપજી કાયમ કહેતા, "સ્વાદ એક મૂર્તિના સુખનો. અમે મૂર્તિના સુખના સ્વાદ સિવાય અવરભાવનો કોઈ સ્વાદ ચાખ્યો નથી કે રસાસ્વાદની પુષ્ટિ થાય કે રસના ઇન્દ્રિયને તેજ કરે તેવું કોઈ દિવસ જમાડ્યું નથી." જાણે કોઠીમાં દાણા ભરતા ન હોય ! તેમ તેઓ જમતા ને સ્વાદ તો એ દિવ્યપુરુષ કેવળ મહારાજની મૂર્તિનો જ લેતા હતા.

ગુરુદેવ પ.પૂ. બાપજી સંત કૅમ્પમાં લાભ આપવા માટે સ્વામિનારાયણ ધામ પધાર્યા. ગુરુદેવ પ.પૂ. બાપજીને જમાડવાનું થયું. પૂ. સંતો રીંગણનું શાક ગુરુદેવ પ.પૂ. બાપજીને પીરસવા માટે લાવ્યા ત્યારે સંતોએ પ્રાર્થના કરી, "બાપજી, રીંગણનું શાક જમાડશો ?" ગુરુદેવ પ.પૂ. બાપજી શાક જોઈને બોલ્યા કે, "શાકમાં બેસન નાખેલ છે, માટે રજોગુણી શાક છે." પૂ. સંતોએ પ્રાર્થના કરી કે, "બાપજી, સાવ સાદું જ શાક છે, જમાડો." ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ ના પાડી : "આ રજોગુણી શાક દેખાય છે એટલે નહિ જમાડું." વાસ્તવમાં સાદું જ શાક હતું છતાં પણ રજોગુણી દેખાતું હતું એટલે ગુરુદેવ પ.પૂ. બાપજીએ શાકનો અસ્વીકાર કર્યો. જેમને કોઈ વસ્તુ વાપરવામાં તો નહિ પરંતુ જમવામાં, શાક જેવી વસ્તુમાં પણ રજોગુણ દીઠો નથી ગમતો તેવા દિવ્યપુરુષની દિવ્યતા અપાર છે.

આવા અસ્વાદવ્રતના પાલક ગુરુદેવ પ.પૂ. બાપજીના જીવનને જોતાં મુમુક્ષુઓના સ્વાદ ટળી જાય.

## ❖ નિઃસ્નેહીપણું ❖

તા. ૨૮-૧-૨૦૧૨ના રોજ સ્વામિનારાયણ ધામ ખાતે સમૈયાનું આયોજન કરેલું હતું. તેમાં વાસણ ગામથી બે હરિભક્ત સ્વામિનારાયણ ધામ આવ્યા. સભા બાદ ગુરુદેવ પ.પૂ. બાપજીને વાસણ શાકોત્સવમાં પધારવા આગ્રહભરી પ્રાર્થના કરી, "બાપજી, કોઈ કારણ વગર તો આપ વાસણ ન પધારો, પણ શાકોત્સવ છે, તો તેમાં લાભ આપવા પધારો." ગુરુદેવ પ.પૂ. બાપજીનું અતિ કોમળ હૃદય જેઓ રાત્રે બાર વાગ્યે પણ કોઈ હરિભક્તને પધરામણી માટે ના ન પાડે તો સભા માટે તો ના પાડે જ કેમ ? પરંતુ કથાવાર્તા કરતાં પણ ગુરુદેવ પ.પૂ. બાપજીને મન શ્રીજીમહારાજની પંચવર્તમાનની આજ્ઞા અતિ અધિક હતી. તેથી તેમણે હરિભક્તોની પ્રાર્થનાનો

સવિનય અસ્વીકાર કર્યો.

હરિભક્તોએ વિશેષ પ્રાર્થના કરતાં કહ્યું, “દયાળુ, અગ્નિને ઊધઈ ન લાગે તેમ આપ તો પરભાવનું દિવ્ય સ્વરૂપ છો. આપને ક્યાં કોઈ પૂર્વાશ્રમ અડે ? માટે સૌને સુખિયા કરવા પધારો.” હરિભક્તોના અતિશે આગ્રહની સામે ગુરુદેવ પ.પૂ. બાપજી નમી જવાને બદલે આકરા થઈ ગયા.

નારાજગી દર્શાવતાં કહ્યું, “એક વાર કહ્યું તો ખરું, અમારાથી પૂર્વાશ્રમમાં ન અવાય. ગમે તેવા મોટા સિદ્ધ હોય તોય ત્યાગીની રીતમાં તો ત્યાગીને રહેવું જ પડે ને સંત જો નિઃસ્નેહ વર્તમાનને લોપે તો મોટું પાપ લાગે. અમે વર્તીશું તો સૌ સંતો પણ વર્તશે માટે એ નહિ બને.” છેવટે હરિભક્તો પોતાનો દુરાગ્રહ છોડી ગુરુદેવ પ.પૂ. બાપજીની નિઃસ્નેહી વર્તમાનની દૃઢતાને વંદી રહ્યા.

## ❖ નિર્માનીપણું ❖

દાસત્વભાવ અને નિર્માનીપણું ગુરુદેવ પ.પૂ. બાપજીના અવરભાવના જીવનમાં એક અંગની જેમ એટલાં બધાં દૃઢીભૂત થયેલાં છે કે, એમના અવરભાવના વ્યક્તિત્વમાંથી, એમના જીવનની હર એક ક્રિયામાંથી સહજમાં ક્ષણે ક્ષણે તેનાં દર્શન થાય.

એક વખત ગુરુદેવ પ.પૂ. બાપજી ઘાટલોડિયા પ્રાતઃ સભામાં લાભ આપવા પધાર્યા હતા. ગુરુદેવ પ.પૂ. બાપજી લઘુ કરવા માટે બાથરૂમમાં પધાર્યા. બાથરૂમમાં વાર લાગી અને અંદરથી સાવરણાનો અવાજ આવતો હોવાથી સંતોએ બહારથી બારણું ખખડાવ્યું. જોયું તો ગુરુદેવ પ.પૂ. બાપજી સાવરણો લઈ બાથરૂમ સાફ કરતા હતા. સંસ્થાના ગુરુ હોવા છતાં સાવરણો લઈ બાથરૂમ સાફ કરવાની સેવામાં પણ કોઈ નીચી ટેલની સેવા કર્યાનો સંશય નહીં. ગુરુદેવ પ.પૂ. બાપજીનો આવો નિર્માનીપણે સેવા કર્યાનો

આગ્રહ જોઈ મસ્તક જરૂર ઝૂકી જાય.

જેમનાં દર્શન કરતાં સૌ કોઈના મુખે સહસા જ શબ્દો સરી પડે કે, "ગુરુદેવ પ.પૂ. બાપજી એટલે દાસત્વભાવનું સાક્ષાત્ મૂર્તિમંત સ્વરૂપ જ જોઈ લ્યો...!"

## ❖ સાદાઈ ❖

ગુરુદેવ પ.પૂ. બાપજી એટલે સાદાઈનું સાક્ષાત્ સ્વરૂપ. જે કોઈએ ગુરુદેવ પ.પૂ. બાપજીને નજીકથી નિહાળ્યા છે એમને તથા સંપ્રદાયના સંતો-ભક્તોને પણ ઊડીને આંખે વળગે છે તેઓની સાદાઈ. 'જેમનું જીવન સાદું તે જ સાધુ.' તે મુજબ જમાડવામાં, ઓઢવા-પાથરવામાં, બેસવામાં, વાત કરવામાં સહેજ પણ રજોગુણનો અંશ ન મળે, આડંબર ન મળે. મહાનપુરુષોનાં ઘરેણાં (આભૂષણો) સમાન સાદાઈ તો તેમના પહેરવેશમાં પણ જોવા મળે. રામપુરની લાલ માટીથી રંગેલાં વસ્ત્રો તેનો બોલતો પુરાવો છે. સાદગી તેમના જીવનનો શણગાર હતો તે કરતાં સાદગીનો જ શણગાર ગુરુદેવ પ.પૂ. બાપજી હતા એવું સૌને સહેજે અનુભવાય. સંસ્થાના ગુરુપદે હોવા છતાં ને સિદ્ધિઓ સામેથી પ્રાપ્ત થવા છતાં આવી નાની નાની બાબતોમાં પણ તેમની સાદાઈ સૌના આકર્ષણનું કેન્દ્ર બની જતી. તેમને રહેવાનું ને સેવાકાર્ય કરવાનું આસન સાવ સાદું, પહેરવાનાં ચશ્માં, લખવા માટેની નોટ-પેન કે ડાયરી, પહેરવાનાં શ્વેત સ્લીપર, લાખો રૂપિયાના ખર્ચે તૈયાર કરેલ સ્ટેજમાં પણ તેમને બેસવાનું આસન તો સાદું જ. આવી સર્વે બાબતો સૌને સાદગીની પ્રેરણા આપી દે છે.

## ❖ કથાવાર્તાનો અખૂટ આગ્રહ ❖

હૈડે હૈડે હરિ સ્થાપવાની નેમ સાથે ભગવો રંગ ધારણ કરેલ ગુરુદેવ પ.પૂ. બાપજીને કથાવાર્તા માટે ૨૪ કલાક પણ ઓછા પડે. ગુરુદેવ પ.પૂ. બાપજીના જીવમાં રાત્રિ-દિવસ એક જ આગ્રહ જોવા મળે કે, જે કોઈ જોગમાં આવે તેને કેમ કરી ભગવાન સ્વામિનારાયણનું સ્વરૂપ ઓળખાય ? કેમ કરીને એના જીવમાં સ્વામિનારાયણ ભગવાન પધરાવી દેવાય ? ગુરુદેવ પ.પૂ. બાપજી કહેતા કે, "કથાવાર્તા જ મારો આરામ છે, ૨૪-૨૪ કલાકના મારા પ્રોગ્રામ ગોઠવો. ૨૪ કલાક શ્રીજીમહારાજની નિષ્ઠાની, મહિમાની વાતો કર્યા કરું એવું મને થાય છે." માટે મોટા સંતોએ લખ્યું છે,

"સાધુ એમ ઓળખાય, હરિરસ પીએ સૌને પાય."

ગુરુદેવ પ.પૂ. બાપજીએ પોતાના જીવનમાં કથાવાર્તા કરવામાં એક દિવસ પણ રજા રાખી નથી. તેઓએ ૮૯ વર્ષની ઉંમર સુધી ૫-૫ કલાક સળંગ કથાવાર્તાનો પ્રવાહ વહાવ્યો છે. લાખોની મેદની હોય કે બે-ચાર સભ્યો બેઠા હોય તોપણ તેમનો કથાવાર્તા કરવાનો આગ્રહ એકસરખો જ જોવા મળતો. તેઓની કથાવાર્તાનું શ્રવણ કરનાર સર્વેને એવી જ પ્રતીતિ થતી કે, 'આ કોઈ સંત નથી બોલતા; પરંતુ તેમનામાં રહી, તેમના દ્વારા સ્વયં સ્વામિનારાયણ ભગવાન વાતો કરે છે.'

## ❖ અજાતશત્રુપણું ❖

કોઈ નાના હોય કે મોટા હોય અને તે ગમે તેવાં વચનો કહે છતાં ગુરુદેવ પ.પૂ. બાપજીને તેના પ્રત્યે કોઈ જ રાગ-દ્વેષ નહીં. એક સમયે વિરોધના વંટોળથી ઘેરાઈ રહ્યા હોવા છતાં તેમના મનમાં કોઈ પ્રત્યે અભાવ નહીં. કોઈ તેમને ગમે તેટલી સેવા સોંપે તેમ છતાં પણ તેના પ્રત્યે સદા દિવ્યભાવભર્યું જ વર્તન કરે. શત્રુ જેવો શબ્દ તેમના શબ્દકોશમાં આજ સુધી આવ્યો નથી.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ ક્યારેય અપકારનો બદલો અપકારથી એ નીતિ વાપરી નથી, જ્યારે કાયમ અપકારનો બદલો ઉપકારથી નીતિ જ અપનાવી છે. કોઈ અપમાન કરે, તિરસ્કાર કરે તોપણ સૌના વેણ-કવેણને મીઠા ઘૂંટડાની જેમ પી ગયા છે. એમના માટે ક્યારેય અમહિમાનો કે અહિતનો સંકલ્પમાત્ર કર્યો નથી. એટલું જ નહિ, પોતાના સંત-હરિભક્ત સમાજને પણ કદી એવું વલણ રાખવા દીધું નથી. સૌને કેવળ દયા, કરુણા અને મારાપણાના ભાવથી જ નિભાવ્યા છે. દુશ્મનને પણ કદી તેઓએ દુશ્મન માન્યો નથી. વિરોધ કરનારને પણ તેઓએ હિતેચ્છુ જ માન્યા છે. તેથી જ કહ્યું છે,

“કેને દુઃખ દેવાનો દિલમાં રે, ભૂલે ભૂંડો ભાવ નથી;
પરઉપકારે પળપળમાં રે, ઊપજે ઈચ્છા અંતરથી.”

જે એમના જીવનમાં સંપૂર્ણ પ્રતીત થતું.

## ❖ માન-અપમાનમાં સમત્વ ❖

“સાગર જેવાં દિલડાં જેનાં, કે’દી નવ છલકાય જી;
ઝેરના ઘૂંટડાને જીરવી જાણે, પછી અમૃત સૌને પાય.”

ઉપરોક્ત પંક્તિનાં સાક્ષાત્ દર્શન ગુરુદેવ પ.પૂ. બાપજીના જીવનમાં થાય છે. માયાથી પરનું દિવ્ય સ્વરૂપ હોવા છતાં પોતે તુચ્છ જેવા જીવોના અપમાનોને સહન કર્યાં છે. અપમાનમાં પણ તેઓને પોતાનું અપમાન નથી લાગ્યું. સદાય હસતા મુખે સહી લીધું છે. ન તો કોઈ માન આપે એની ઝંખના કે ન તો કોઈના અપમાનની વેદના. તેમણે માન-અપમાનમાં સદા સમભાવ જ રાખ્યો છે. વળી, તેઓએ ન તો માન-સન્માન વરસાવનાર પ્રત્યે અધિકતા રાખી છે કે ન તો અપમાન કરનારની અવગણના કરી છે. પરંતુ સદા સૌને માટે સમદૃષ્ટિ દાખવી, તેમના પ્રત્યે પણ સદા હિતના સંકલ્પો જ વહાવ્યા છે.

## ❖ સ્પષ્ટવક્તાપણું ❖

ગુરુદેવ પ.પૂ. બાપજી જેવા દિવ્ય સત્પુરુષ મુમુક્ષુમાત્રના પરમહિતેચ્છુ છે. તેઓ પોતાના જોગમાં આવનાર માટે સાચી વાત કડવી લાગે તોપણ તેમનું હિત કરવા અને વર્તનશીલ જીવન બનાવવા સ્પષ્ટ વાત દુઃખ લગાડીને પણ કહેવી જ એવો આગ્રહ અહોનિશ રાખતા.

ઈ.સ. ૧૯૭૫માં સાગરદાનભાઈના મામાજી શીઘ્ર કવિ જબરદાનજી તેમના ઘરે આવ્યા હતા. તેઓ મહાન ભક્ત કવિ ઈસરદાનજીના પુત્ર હતા. ઈસરદાનજી ભગવાન પ્રત્યેના અનન્ય ભક્તિભાવને કારણે 'ઈસરા પરમેશ્વરા' તરીકે ઓળખાતા હતા. તેમના તરફથી મળેલા સંસ્કાર અને ૫૫ વર્ષના અનુભવના તારણે તેઓ શીઘ્રતાથી કાવ્ય બનાવી શકતા હતા. સાગરદાનભાઈ તેમને ગુરુદેવ પ.પૂ. બાપજીનો સાચા સંત તરીકે ખૂબ મહિમા કહી, નૂતન ઘનશ્યામનગર મંદિરે દર્શન કરવા લઈ ગયા. તેઓ મંદિરે આવ્યા ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજી સૌને કથાવાર્તાનો લાભ આપી રહ્યા હોવાથી સભામાં બેઠા. વાતો સાંભળી ખૂબ અહોભાવ થયો. તેઓ ઘણા સંતોનો જોગ-સમાગમ કરતા ત્યારે તે સંતના ગુણ જોઈ તેઓ શીઘ્ર કાવ્ય બનાવી રાજી કરતા. ગુરુદેવ પ.પૂ. બાપજી મૂર્તિમાં નિમગ્ન રહીને કથા કરતા હતા. આ દર્શન કરી તેમણે શીઘ્રતાથી કાવ્ય બનાવી ગાયું :

"શ્રી દેવનંદનદાસજીના દિલમાં દિવ્ય મૂર્તિ દીસતી;
અવિરત ભજન-સ્મરણમાં વળગી રહી જેની વૃત્તિ."

કાવ્ય ગાયા બાદ તેઓ વિચારવા લાગ્યા : 'સ્વામી બહુ મોટા છે. મહારાજના સંબંધવાળા છે, મૂડીવાળા છે. નક્કી મારી કાવ્યરચના સાંભળી મને શરપાવમાં સન્માન આપશે.' એટલે તેઓ મનમાં ને મનમાં હરખાતા હતા. પણ તેમની ધારણા તદ્દન ખોટી હતી. સ્પષ્ટવક્તા 'મા' સમાન ગુરુદેવ પ.પૂ. બાપજીએ તેમને માન-સન્માન ને વાહવાહ કરી દેહાભિમાનની પુષ્ટિ

કરવારૂપ ઝેર ન પાયું. ઉંમરમાં મોટા અને મોટા કવિ હોવા છતાં તેમના રોગને ટાળવાની કડવી દવા આપતાં કહ્યું, ‘‘કવિરાજ, તમારા આ કાવ્યથી હું રાજી થયો નથી. પણ તમારે જે તમાકુનું વ્યસન છે તેને છોડી દો તો અમે તમારા ઉપર ખૂબ રાજી થઈએ.’’ જબરદાનજી ખૂબ હોશિયાર અને વિચક્ષણ બુદ્ધિવાળા હતા.

તેઓને તરત જ ગુરુદેવ પ.પૂ. બાપજીનો ગુણ આવ્યો કે, ‘‘અત્યાર સુધી હું કેટકેટલાય સંતો પાસે ગયો. બધાએ તો મારી વાહવાહ જ કરી. પણ કોઈએ મારી કસરને ઓળખાવી નહીં. બધા મારી કવિત્વશક્તિની મહોબતમાં લેવાઈને કશું કહેતા ન હતા; જ્યારે આ સાચા સંત છે જેમણે સીધો મારા વ્યસન પર ઘા કર્યો. ખરેખર સાચા સંત વિના સાચા સુખની વાત કોઈ ન કરી શકે.’’

તેમને ગુરુદેવ પ.પૂ. બાપજીની તમાકુ છોડવાની ટકોર ગળી મધ જેવી લાગી. તે જ ક્ષણે તેમણે તમાકુનું વ્યસન છોડવાનો દૃઢ સંકલ્પ કરી દીધો. જબરદાનજીએ ગુરુદેવ પ.પૂ. બાપજીના મુખે ભગવાનની સાચા સુખની વાત સાંભળી અપરંપાર મહિમા થતાં વ્યસન છોડી તેમણે ગુરુદેવ પ.પૂ. બાપજીના મહિમાનાં ચાર પદ બનાવ્યાં.

## ❖ વચનામૃતના આચાર્ય ❖

શ્રીજીમહારાજનો સ્વમુખવાણી ગ્રંથરાજ એટલે વચનામૃત. ગુરુદેવ પ.પૂ. બાપજીને અતિશય પ્રિય ગ્રંથ એટલે વચનામૃત. તેઓ કાયમ કહેતા કે, ‘‘સર્વે ગ્રંથોમાં શ્રેષ્ઠ ગ્રંથ વચનામૃત છે અને વચનામૃતમાં તમામ ગ્રંથોનો સમાવેશ થઈ જાય છે. દેહના ને આત્માના કોઈ પણ રોગની દવા આ વચનામૃત ગ્રંથમાં છે.’’ તેથી સૌને વચનામૃત ભણવા-ભણાવવામાં તેમની ખાસ રુચિ વર્તતી.


તેઓએ વચનામૃત ગ્રંથના ગૂઢ અને કઠિનતમ રહસ્યોને પાંથીએ પાંથી

છૂટી પાડીને સરળ કરીને સમજાવ્યા છે. તેઓએ એક એક વચનામૃત અનેક વખત સમજાવ્યાં છે. તેઓ જ્યારે વચનામૃતનું વિવરણ કરે ત્યારે દરેકને એવી અનુભૂતિ થાય કે સ્વયં શ્રીજીમહારાજ પોતાના રહસ્યોને સમજાવી રહ્યા છે. આમ, ગુરુદેવ પ.પૂ. બાપજી વચનામૃતના આચાર્ય છે.

## ❖ પ્રાર્થના ❖

### હો જીવન અમારા ગુરુ બાપજી...

હો જીવન અમારા ગુરુ બાપજી મારા,
કદી અમોને નહિ ભૂલનારા...૦ટેક
ખેંચી લીધા અમને જ્યાં-ત્યાં ફરતા,
જન્મોજન્મનાં ખોટ ખાતાં હરતા...૦૧
હાથ ગ્રહી અમને સોંપ્યા હરિને,
જીવ મટાડી મુક્ત અનાદિ કરીને...૦૨
ગયા નથી આપ સદા ભેળા રહેજો,
પ્રગટપણે રહી નિત્ય રક્ષા કરજો...૦૩



# ૪ ગુરુદેવ પ.પૂ. બાપજી : જીવનકાર્યો

ગુરુદેવ પ.પૂ. બાપજીએ પોતાના જીવન દરમ્યાન અનેક આધ્યાત્મિક અને સામાજિક કાર્યો કર્યાં છે. એમના હૃદયમાંથી વહેતું કરુણાનું ઝરણું સમગ્ર માનવજાત પર અવિરતપણે વહેતું રહ્યું છે. નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના અગરબત્તીની જેમ પોતાના જીવનને સમાજસેવા માટે એમણે સમર્પિત કર્યું છે. અધ્યાત્મ અને સમાજસેવાનો અનોખો સમન્વય કરનાર આ વિરલ વિભૂતિનું ઋણ સમાજ ક્યારેય નહિ ભૂલી શકે.

## ❖ મંદિરો ❖

મંદિરો એ આધ્યાત્મિક અને સામાજિક પથદર્શક છે. માટે સ્વામિનારાયણ સંપ્રદાયમાં મંદિરો એક આગવું સ્થાન ધરાવે છે. એટલે જ ગુરુદેવ પ.પૂ. બાપજી મંદિરનિર્માણના કાર્યને અતિ વેગવાન બનાવી માત્ર સમાજઉત્થાનનું જ નહિ, પરંતુ સ્વામિનારાયણ સંપ્રદાયના તથા તેના સિદ્ધાંતો અને મૂલ્યોના ઉત્થાનનું કાર્ય કરી રહ્યા છે.

તેઓ દ્વારા નિર્માણ પામેલ આ મંદિરોની સૌથી મોટી વિશેષતા એ છે કે, આ મંદિરોમાં સ્વામિનારાયણ ભગવાનના સર્વોપરી સંકલ્પ અનુસાર શુદ્ધ, સર્વોપરી, સનાતન અને અજોડ ઉપાસનાનું સ્થાપન કરવામાં આવ્યું છે. આ મંદિરોમાં ભગવાન સ્વામિનારાયણ અને તેમના મુક્તોની જ મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરવામાં આવી છે જે સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઉપાસનાના શુદ્ધીકરણ માટેનું ક્રાંતિકારી કાર્ય છે.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ ભારતના જુદા જુદા રાજ્યોમાં આશરે ૧૦૦ કરતાં પણ વધુ મંદિરોના નિર્માણ કર્યાં છે. તેમણે નજીકના ભવિષ્યમાં નિર્માણ પામનાર સેંકડો નૂતન મંદિરો માટે પણ જુદા જુદા રાજ્યોમાં તથા જિલ્લાઓમાં આશરે ૧૦૦ કરતાં પણ વધુ જમીનો સંપાદિત કરાવી હતી.

## ❖ સંત સમાજ ❖

પોતાની આધ્યાત્મિક ઉન્નતિ અને સાથે સમાજની ઉન્નતિના ઉમદા હેતુ માટે પોતાના મોજશોખ, આશા-અરમાનોને છોડી પોતાનું સમગ્ર જીવન ન્યોછાવર કરતા સમાજના જ અંશ એટલે સંતો.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ અનેક યુવાનોને વૈરાગ્યની પ્રેરણા આપીને ત્યાગાશ્રમના માર્ગે પ્રયાણ કરાવ્યું છે. ગુરુદેવ પ.પૂ. બાપજીએ ૧૦૦ સંતો-પાર્ષદોની સમાજને ભેટ ધરી છે. જેઓ સમાજ વચ્ચે સંસારથી નિર્લેપ રહી સમાજને ઉન્નત બનાવે છે.

ભગવાન સ્વામિનારાયણના સર્વોપરી સિદ્ધાંતોનાં ઊંડાં રહસ્યો શીખવવાં, સાધુને શોભાવે તેવી દિવ્ય સાધુતા તથા ભગવાન સ્વામિનારાયણે સંત જીવન માટેનાં જે કાંઈ આદર્શો, મૂલ્યો અને મર્યાદાઓ બાંધ્યાં છે તે સંતોના જીવનમાં ચરિતાર્થ થાય તે માટે ગુરુદેવ પ.પૂ. બાપજીએ સંસ્થાના વડામથક સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે ‘સમર્પિત તાલીમ કેન્દ્ર (STK)’નો પ્રારંભ પણ કર્યો છે.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ સંસ્થા અને સંત સમાજ માટે પોતે સેવેલા આગ્રહો, આદર્શો અને સિદ્ધાંતો હજારો વર્ષ સુધી ફરે નહીં. એસ.એમ.વી.એસ.ની જેવી આજે આન, બાન અને શાન છે તેવી પેઢીઓની પેઢીઓ સુધી જળવાયેલી રહે. શ્રીજીબાપાના જ્ઞાન-સિદ્ધાંતોની અને એસ.એમ.વી.એસ.ની શતાબ્દીઓ ઊજવાય એવા હેતુથી ઈ.સ. ૨૦૧૫ની સાલમાં સંસ્થાના બંધારણ અને સંત બંધારણની રચના કરી છે. જે ગુરુદેવ પ.પૂ. બાપજીનું અગમચેતીભર્યું ક્રાંતિકારી પગલું છે.

## ❖ ત્યાગી મહિલામુક્ત સમાજ ❖

ભગવાન સ્વામિનારાયણે પુરુષોની જેમ સ્ત્રીઓ પણ ભગવાન ભજી શકે તથા સંસારથી વિરક્ત બની ત્યાગાશ્રમ પણ સ્વીકારી શકે તેવી પ્રણાલિકા પ્રારંભી. આ માટે પોતાની હયાતીમાં 'સાંખ્યયોગી બહેનો'ની પ્રણાલિકાનો પ્રારંભ કરાવ્યો અને સ્વામિનારાયણ ભગવાનનું સંપૂર્ણ પ્રગટપણું રાખી, સંપ્રદાયની મર્યાદા મુજબ જ સૌ સુખે દીક્ષા ગ્રહણ કરી શકે એવી રીત પ્રસ્થાપિત કરી.

ભગવાન સ્વામિનારાયણના આ યુગકાર્યને અનુસરી તેમાં સાંપ્રત સમાજવ્યવસ્થા તથા વિષયમય જીવનશૈલીને ધ્યાનમાં લઈ આ પ્રણાલિકાના નિયમોને વધુ સજ્જ કરી ગુરુદેવ પ.પૂ. બાપજીએ 'ભક્તિનિવાસ' એકમનો પ્રારંભ કરાવ્યો. ભગવાન સ્વામિનારાયણને અતિ પ્રિય એવા શ્વેત વસ્ત્રોનો પહેરવેશ ધારણ કરી તથા સાંસારિક સંબંધો અને સુખોથી અલિપ્ત બની 'ભક્તિનિવાસ' એકમ દ્વારા ૮૩ જેટલાં પૂ. ત્યાગી મહિલામુક્તો ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત સિદ્ધાંતોના પ્રવર્તનની સેવા કરી રહ્યાં છે.

ત્યાગાશ્રમના માર્ગે વળવા ઇચ્છતી યુવતીઓ માટે 'સમર્પિત તાલીમ કેન્દ્ર' કાર્યરત છે. આ 'પૂ. ત્યાગી મહિલામુક્ત સમાજ'ની વિશિષ્ટતા એ છે કે તેઓ દ્રવ્યનો સ્પર્શ કરતા નથી તથા પુરુષનો પણ સંપૂર્ણ ત્યાગ રાખે છે.

## ❖ સહજાનંદી સિંહ સમા વક્તાઓ ❖

'જેવું કૂવામાં હોય તેવું હવાડામાં આવે.' એ કહેવતાનુસાર સિદ્ધાંતના પ્રવર્તક કૂવા સમાન વક્તા સંતોમાં જેટલી જ્ઞાન-સિદ્ધાંતની દૃઢતા થઈ હશે એટલી જ દૃઢતા શ્રોતા સમાજમાં થઈ શકે. આવા દૂરગામી દૃષ્ટિકોણે ગુરુદેવ પ.પૂ. બાપજીએ શુદ્ધ ઉપાસનાયુક્ત વક્તા સંતોની રચના કરી. ગુરુદેવ પ.પૂ. બાપજી ઘણી વાર ગૌરવ સાથે વાત કરતા કે, "આજ સુધીના

ઈતિહાસમાં એકધારી સમજણવાળો શિષ્ય સમાજ પાક્યો નથી. જ્યારે અમને અમારા સમગ્ર સંત સમાજ ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે કે નવા હોય કે જૂના હોય, કદાચ બહુ ભણેલા ન હોય, ડિગ્રીઓ ન હોય, બોલતા ભલે ન આવડતું હોય પરંતુ અમારા તમામ સંતોમાં (શિષ્યોમાં) સ્વામિનારાયણ ભગવાનની નિષ્ઠાની બાબતમાં એકધારી સમજણ છે. એકધારું જ્ઞાન અને સિદ્ધાંતની દૃઢતા છે.''

ગુરુદેવ પ.પૂ. બાપજીએ તૈયાર કરેલ આવા નિષ્ઠાવાન સંતોના મુખે કથાવાર્તામાં કેવળ સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપના જ મહિમાની વાતો ને કથા થાય. એ સંતોએ કથામાં, વાંચનમાં, ગાવામાં ક્યાંય કદી પતિવ્રતાની ભક્તિનું ખંડન થવા દીધું નથી. આમ, ગુરુદેવ પ.પૂ. બાપજીના સંતો એટલે સહજાનંદી સિંહોની ચેતનવંતી ભગવી સેના.

## ❖ આજ્ઞા-ઉપાસનાયુક્ત સમાજની રચના ❖

ગુરુદેવ પ.પૂ. બાપજીએ એક એક હરિભક્તો માટે કલાકોના કલાક ફાળવ્યા છે. એક એકને બેસાડીને જીવમાં મહારાજ પધરાવ્યા છે. રાતોની રાત જાગી વાતો કરી છે. કદી પોતાના દેહ-અવરભાવ સામું જોયું નથી. ઊંઘ, ભૂખ, થાકને ગણ્યાં નથી. આવાં અપાર કષ્ટો અને દાખડાના પરિણામે શ્રીહરિના સંકલ્પ સમો સર્વોપરી શુદ્ધ ઉપાસનાયુક્ત સમાજ રચાયો છે. એસ.એમ.વી.એસ.નાં મંદિરો તો ગુરુદેવ પ.પૂ. બાપજીએ ચોખ્ખાં કરાવ્યાં છે પરંતુ હરિભક્તોનાં ઘર પણ ચોખ્ખાં કરાવી અક્ષરધામ તુલ્ય કર્યાં છે.

એ જ રીતે તેમણે આજ્ઞા તથા ધર્મ-નિયમની દૃઢતા રાખવા બાબતે પણ સમગ્ર સમાજને ખૂબ જ કટિબદ્ધ કર્યો છે. 'સિદ્ધાંતમાં સમાધાન નહિ ને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં.'- તેમનું આ જીવનસૂત્ર સમગ્ર સમાજના એક એક વ્યક્તિનું જીવનસૂત્ર બનાવી દીધું છે. આજે હજારોનો સમાજ

શ્રીજીમહારાજે સંપ્રદાયને આપેલ પંચવર્તમાન પાળે છે. અરે ! ૨૮૦થી વધુ પરિવારના પુરુષ-મહિલા સભ્યો લગ્નના નાતે જોડાયેલા હોવા છતાં ભાઈ-બહેનની જેમ બ્રહ્મચર્યનું પાલન કરીને રહે છે. ગુરુદેવ પ.પૂ. બાપજીએ સંસ્થાનો વિકાસ કર્યો છે પરંતુ ગુણવત્તાના ભોગે નહીં.

આમ, ગુરુદેવ પ.પૂ. બાપજી એટલે શુદ્ધ સમાજના શ્રેષ્ઠ શિલ્પી.

## ❖ શુદ્ધ શાસ્ત્રોની ભેટ ❖

શ્રીજીમહારાજના સર્વોપરી જ્ઞાન અને સિદ્ધાંતની દૃઢતા માટે શુદ્ધ ઉપદેષ્ટાની સાથે સાથે શુદ્ધ શાસ્ત્રની પણ અવશ્ય જરૂર પડે. ગુરુદેવ પ.પૂ. બાપજીએ આજદિન પર્યંત શાસ્ત્રોમાંથી પરોક્ષાર્થ દૂર કરી પ્રત્યક્ષાર્થ સમજાવ્યો છે. તેમણે સમજાવેલ પ્રત્યક્ષાર્થને કોઈ પ્રકારના ગુરુભાગ વગર કારણ સત્સંગના મૂળભૂત લઘુ ગ્રંથ ‘સ્વરૂપનિષ્ઠા’માં સમજાવવામાં આવ્યા. ગુરુદેવ પ.પૂ. બાપજીએ આ સ્વરૂપનિષ્ઠા ગ્રંથના એક એક શબ્દને વાંચીને સ્વયંભૂ પ્રમાણ કરેલો આ ગ્રંથ છે. જે સંપ્રદાયને ગુરુદેવ પ.પૂ. બાપજીએ આપેલી બહુ મોટી ભેટ છે.

વળી, ગોપાળાનંદ સ્વામીની વાતો જેમ તેમની હયાતીમાં લખાઈ તથા પ્રકાશિત થયેલી તેમ ગુરુદેવ પ.પૂ. બાપજીની હયાતીમાં જ એમની અમૃતવાણીના બૃહદ કથાસંગ્રહમાંથી સંકલિત કરી લઘુ ગ્રંથ ‘ગુરુદેવ પ.પૂ. બાપજીની અમૃત વાતો-૧’ પ્રકાશિત કરવામાં આવી. આમ, ગુરુદેવ પ.પૂ. બાપજીની પ્રેરણાથી શ્રીહરિના સંકલ્પ-સિદ્ધાંતની પુષ્ટિ માટે અન્યત્ર ઘણાં પ્રકાશનો થયાં છે ને થઈ રહ્યાં છે.

## ❖ જ્ઞાન શિબિરોની વણઝાર ❖

શ્રીજીમહારાજની શુદ્ધ સર્વોપરી ઉપાસના અને અનાદિની સ્થિતિના પ્રવર્તન કાજે ગુરુદેવ પ.પૂ. બાપજીએ કથાવાર્તાના અવિરત અખાડા ચલાવ્યા છે. હરિભક્તોમાં જ્ઞાન-સિદ્ધાંતની દૃઢતા માટે ગુરુદેવ પ.પૂ. બાપજીએ જ્ઞાન શિબિરોની વણથંભી વણઝાર આરંભી હતી.

વિજાપુર, મહેસાણા, વડોદરા, સુરત, સુરેન્દ્રનગર, રાજકોટ, હિંમતનગર આદિ અનેક ઝોનમાં તથા સેન્ટરોમાં ગુરુદેવ પ.પૂ. બાપજીએ ક્યાંક એક દિવસની, ક્યાંક બે તો ક્યાંક ત્રણ ત્રણ દિવસની જ્ઞાન શિબિરો કરી છે. જેમાં દસ દસ, બાર બાર કલાક કથાવાર્તાનો અવિરતપણે લાભ આપીને સૌને મહારાજ આપ્યા છે. જે ગુરુદેવ પ.પૂ. બાપજીના કથાવાર્તાના અતિ આગ્રહનું દર્શન કરાવે છે. આ શિબિરોના પ્રતાપે અનેકાનેક ભક્તો નિષ્ઠાવાન બન્યા ને આજે ઘરધણી થઈ ઉપાસના પ્રવર્તનના સત્સંગ સેવાના કાર્યમાં જોડાઈ ગયા છે.

## ❖ શૈક્ષણિક ક્ષેત્ર ❖

ગુરુદેવ પ.પૂ. બાપજી એક વિરલ અને દિવ્ય સત્પુરુષ છે કે જેઓએ શિક્ષણ અને સંસ્કારના જતન માટે દિવ્ય ગુરુકુલની રચના કરી છે. જૂન, ૨૦૦૨માં ગાંધીનગર ખાતે ગુરુકુલનો શુભારંભ થયો. આ ગુરુકુલમાં હજારો વિદ્યાર્થીઓ દિવ્યજીવનના મહારથી બની સત્સંગમાં, દેશમાં અને સમાજમાં ગુરુકુલનું તથા સંસ્થાનું નામ રોશન કરી રહ્યા છે. એ જ રીતે ઈ.સ. ૨૦૧૧માં માત્ર બાલિકાઓ માટે ‘સ્વામિનારાયણ ધામ ગર્લ્સ ગુરુકુલ’નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સિવાય ગુરુદેવ પ.પૂ. બાપજીની નિશ્રામાં એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા અમદાવાદ, ગાંધીનગર ખાતે ત્રણ મોટા મોટા શૈક્ષણિક સંકુલોની સ્થાપના થઈ છે.

આજના મોંઘવારીના યુગમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસ માટે શૈક્ષણિક નાણાકીય સહાય ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવે છે. શૈક્ષણિક સહાયક યોજના દ્વારા છેલ્લા પાંચ વર્ષથી અનેક જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સવિશેષ સહાયની રકમ સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે. જેમાં દર વર્ષે ૨૫ લાખ કરતાં વધુ શૈક્ષણિક સહાય તથા અન્ય જરૂરી પાઠ્યપુસ્તકો આદિક સહાય પણ પૂરી પાડવામાં આવી રહી છે. ગુરુદેવ પ.પૂ. બાપજીની દિવ્ય સ્મૃતિ, સંકલ્પ અને પ્રેરણાથી જૂન ૨૦૨૦માં ‘સ્વામિનારાયણ ધામ ગર્લ્સ ગુરુકુલ’માં તમામ શૈક્ષણિક સેવા તથા રહેવા-ભણવાની સંપૂર્ણ સુવિધા નિઃશુલ્ક કરી દેવામાં આવી છે. એ જ રીતે પંચમહાલના આદિવાસી વિસ્તાર માટે ગોધર ખાતે જૂન ૨૦૨૦થી આવા જ સંપૂર્ણ નિઃશુલ્ક ‘એસ. એમ. વી. એસ. સ્વામિનારાયણ ગુરુકુલ’નો પ્રારંભ થઈ રહ્યો છે.

## ❖ રાહતકાર્યો ❖

ભૂકંપ, દુષ્કાળ, અતિવૃષ્ટિ, સુનામી અને વાવાઝોડું તેમજ આ સિવાય અનેક આવી આપત્તિઓ સૌ કોઈને લાચાર બનાવી દે છે. આ લાચારીમાંથી સમાજને બહાર લાવવાનું માનવ સેવાકાર્ય ગુરુદેવ પ.પૂ. બાપજી દ્વારા કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધી માનવ સમાજ ઉપર આવી પડેલી કુદરતી આપત્તિઓમાં ગુરુદેવ પ.પૂ. બાપજીએ રાહત સેવાકાર્યો દ્વારા અનેક આપત્તિગ્રસ્તોને હૂંફ અને પ્રેમ આપ્યાં છે. આવી કુદરતી આપત્તિઓમાં સપડાયેલાં ગામો, શહેરો તથા માનવ સમાજના સાચા રક્ષક અને પોષક બની સંસ્થાના સંતો તથા સ્વયંસેવકો રાહતકાર્યની સેવામાં ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી દિનરાત ખડે પગે હાજર રહે છે.

## ❖ આદિવાસી ઉત્કર્ષ ❖

દાયકાઓથી પંચમહાલની પથરાળ ભૂમિ ગરીબીમાં જ સપડાયેલી છે. તો વળી, સાક્ષરતાના અભાવને પામેલ આદિવાસી ભોળી પ્રજા વિષય, વ્યસન, વહેમ, અંધશ્રદ્ધા, ચોરી, લૂંટફાટ આદિ દૂષણોમાં ઘેરાયેલી છે. આ પ્રજાનો ઉત્કર્ષ કરવાનું કાર્ય અતિ કઠિન હતું અને છે. કુરિવાજો, અંધશ્રદ્ધા, વહેમમાં સપડાયેલા તથા ચોરી, લૂંટફાટ, મારઝૂડ કરી લોકોને રંજાડવા આદિ કુસંસ્કારોમાંથી તેઓને બહાર લાવી માત્ર સુસંસ્કારે યુક્ત જીવન જ નહિ પરંતુ દિવ્યજીવન જીવવાની તથા પ્રામાણિક, નિર્વ્યસની અને નીતિમય જીવન જીવવાની પ્રેરણા ગુરુદેવ પ.પૂ. બાપજીએ આપી છે.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ આ પંચમહાલની ધન્ય ધરા ઉપર રાત્રિ-દિવસ હાડમારી સહન કરીને પણ વિચરણ કર્યું છે. ગુરુદેવ પ.પૂ. બાપજી દ્વારા મળતા નિરંતરના સત્સંગથી પશુ કરતાં પણ વધુ બેજ જીવન જીવતા આદિવાસી હરિભક્તો આજે દિવ્યજીવનના માર્ગે ચાલી આદર્શ ભક્ત અને મુક્તજીવન જીવી રહ્યા છે.

આદિવાસી જાતિઓના ઉત્કર્ષ માટે ૨૦૦ કરતાં પણ વધુ ગામોમાં વ્યાપક સ્તરે સંપૂર્ણ જતનસભર મહત્ત્વનું સેવાકાર્ય ગુરુદેવ પ.પૂ. બાપજીએ કર્યું છે. એટલે જ હજારો અને લાખો આદિવાસી લોકોએ દિવ્યપુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજીને પોતાના હૃદયાંગણમાં સ્થાન આપ્યું છે.

## ❖ આરોગ્ય ક્ષેત્ર ❖

સમાજને ઉચ્ચ કક્ષાની તબીબીસેવા પૂરી પાડવા માટે અદ્યતન સુવિધાયુક્ત એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ હૉસ્પિટલનું લોકાર્પણ ગુરુદેવ પ.પૂ. બાપજીના ૮૭મા પ્રાગટ્ય પર્વે તેઓની જ દિવ્ય પ્રેરણાથી તેઓના હસ્તે હજારોની ઉપસ્થિતિમાં જન સમાજ માટે કરવામાં આવ્યું હતું. આ હૉસ્પિટલ

આશરે રૂપિયા ૮૦ કરોડ કરતાં પણ વધુ ખર્ચથી તૈયાર થઈ છે.

આ હૉસ્પિટલમાં ગુરુદેવ પ.પૂ. બાપજીની પ્રેરણાથી હૉસ્પિટલનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વ્યવસ્થા, ડૉક્ટરો, મશીનો આદિ બધું જ મોટી મોટી કોર્પોરેટ હૉસ્પિટલો જેવું તૈયાર કરવામાં આવ્યું છે. તેમ છતાં જન સમાજ પાસેથી પ્રવર્તમાન એવી વિશાળકાય હૉસ્પિટલોના દર કરતાં ઘણા ઓછા દરે સેવા આપવામાં આવે છે. જન સમાજની સેવા માટે સંસ્થા કરોડો રૂપિયાનું નુકસાન વહોરીને પણ હૉસ્પિટલનું સક્ષમ તંત્ર ચલાવે છે. હૉસ્પિટલમાં પ્રારંભના માત્ર ૧ વર્ષમાં ૮૧,૦૦૦ કરતાં વધુ દર્દીઓએ તેની સેવાનો લાભ લીધો છે.

વળી, ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી ઈ.સ. ૧૯૯૬થી ‘શ્રીજીબાપા મેડિકલ સેન્ટર’ વાસણા, અમદાવાદ ખાતે સમાજસેવા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. તેની પ્રશંસનીય સેવાથી ગુજરાતના અમદાવાદ શહેરમાં જુદા જુદા સ્થળોએ પણ આવાં ૫ કરતાં પણ વધુ મેડિકલ સેન્ટરો ખુલ્લાં મૂકવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં આશરે ૧,૫૦,૦૦૦ કરતાં પણ વધુ દર્દીઓએ તેનો લાભ લઈ સ્વાસ્થ્ય માટે સુખાકારી પ્રાપ્ત કરી છે.

ગુરુદેવ પ.પૂ. બાપજીની અનુજ્ઞાથી આર્થિક રીતે કથળાયેલા પરિવારોને તબીબીસેવા સમયસર ને પૂરતી મળી રહે તે માટે ‘મેડિકલ સહાય’ અન્વયે લાખો રૂપિયાની સહાય ફાળવવામાં આવી છે. અનેક જરૂરિયાતમંદો માટે ગુરુદેવ પ.પૂ. બાપજી ખરા સમયનો આધાર બની રહ્યા છે.

## ❖ વ્યસનમુક્તિ ❖

ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી ઈ.સ. ૧૯૯૨થી લઈને આજદિન સુધી એમ ત્રણ દસકાઓથી વિવિધ તબક્કાઓમાં વ્યસનમુક્તિ અભિયાન અવિરત ચાલુ રહ્યાં છે. આ અભિયાનમાં સંસ્થામાં કાર્યરત સંતો-કાર્યકરોના

નેતૃત્વ હેઠળ ચુનંદા બાળ-બાલિકાઓ અને યુવક-યુવતીઓ દ્વારા સમયે સમયે સમાજને વ્યસનમુક્ત બનાવવાના કાર્યક્રમો યોજાય છે. ગુરુદેવ પ.પૂ. બાપજીના આ ભગીરથ કાર્યથી આજદિન સુધીમાં વ્યસનમાં સપડાયેલા ૫,૦૦,૦૦૦ કરતાં પણ વધુ લોકો વ્યસનમુક્ત બન્યા છે.

## ❖ પર્યાવરણનું જતન ❖

ગુરુદેવ પ.પૂ. બાપજીની દિવ્યતમ પ્રેરણાથી ઉચ્ચતમ આધ્યાત્મિકતાની સાથે સાથે અનેકવિધ જનહિતાવહ અર્થે સમાજલક્ષી સેવાનાં કાર્યો અવિરતપણે થઈ રહ્યાં છે. એમાંય પર્યાવરણના સંરક્ષણ અર્થે ગુરુદેવ પ.પૂ. બાપજી સદા ચિંતિત રહે છે. તેઓએ સરકાર દ્વારા આયોજિત અનેકવિધ અભિયાનો તથા સંસ્થા દ્વારા અવનવા આયોજન કરી પર્યાવરણનું શ્રેષ્ઠતમ જતન કર્યું છે.

ઈ.સ. ૨૦૦૧માં આવેલ દુષ્કાળમાં પંચમહાલ તથા સાબરકાંઠાના ૧૨૦થી વધુ તાલુકા સેન્ટર તથા ગામડાંઓમાં પશુ માટે વિના મૂલ્યે ૬,૯૭૧થી વધુ પશુઓને ૨,૩૨,૧૭૫ કિલો ઘાસનું તથા ૧,૯૪,૦૦૦ કિલો દાણનું વિતરણ કરી સમાજને દુષ્કાળની આપત્તિમાંથી બચાવી લીધો હતો. તદુપરાંત કેન્દ્ર સરકાર દ્વારા આયોજિત 'સ્વચ્છ ભારત અભિયાન' ઉપક્રમે ગુરુદેવ પ.પૂ. બાપજીની પ્રેરણાથી એસ.એમ.વી.એસ. સંસ્થાના તમામ પૂ. સંતો તથા ૫,૯૧૬થી વધુ સ્વયંસેવકો-સેવિકાઓએ ૧૧૪થી વધુ જાહેર સ્થળો ને રસ્તાઓ પર સ્વચ્છતા કરી હતી. વળી, ગુરુદેવ પ.પૂ. બાપજીની અનુજ્ઞાથી વૃક્ષારોપણ અભિયાન અન્વયે સંસ્થા દ્વારા કુલ ૧,૭૫,૦૦૦ કરતાં પણ વધુ વૃક્ષોનાં વાવેતર તથા જતન દ્વારા પર્યાવરણ સુરક્ષાનું સેવાકાર્ય થઈ રહ્યું છે. એ જ રીતે સંસ્થાના અનેક મંદિરોમાં સૌર શક્તિનો ઉપયોગ કરી પ્રેરણાત્મક કાર્ય થઈ રહ્યું છે.

## ❖ મહિલા પ્રવૃત્તિઓ ❖

સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રણાલિકા અનુસાર મહિલાઓ અને પુરુષોની યોગ્ય મર્યાદા જળવાય એ અનુસાર ગુરુદેવ પ.પૂ. બાપજીની પ્રેરણાથી મહિલા સમાજ માટે પૂ. ત્યાગી મહિલામુક્તો (પૂ. મહિલા સંતો) દ્વારા બાલિકા-યુવતી-મહિલા મંડળો, ધૂન મંડળો, વી.સી.ડી. કેન્દ્ર વગેરે સભાનું આયોજન કરવામાં આવ્યું છે. મહિલા સમાજમાં આધ્યાત્મિક ગુણો પ્રદાન કરવાના ઉદ્દેશ્યથી દેશ-વિદેશના સેન્ટરોમાં ૩૫૪ જેટલાં બાલિકા મંડળ, ૨૬ યુવતી મંડળ અને ૫૮ મહિલા મંડળ ચાલી રહ્યાં છે. જેમાં ૧૮૦૦ કરતાં પણ વધુ મહિલા-યુવતી કાર્યકરો તથા સંચાલકો આ સેવા પ્રવૃત્તિને જોરશોરથી આગળ ધપાવી રહ્યાં છે. આ દિગ્વિજય મંડળની અઠવાડિક સભામાં ૧૬,૦૦૦થી પણ વધારે મહિલા-યુવતી-બાલિકામુક્તો લાભ લઈ પોતાના જીવનમાં આધ્યાત્મિક માર્ગે આગળ વધી રહ્યાં છે.

વળી, સમાજમાં ચાલતી મહિલા ઉત્કર્ષ માટેની સ્વૈચ્છિક સંસ્થાઓમાં ઈ.સ. ૨૦૦૮થી લઈ અદ્યાપિ પાઠ્યપુસ્તક તથા નોટ-ચોપડા વિતરણની સેવાનો વિના મૂલ્યે લાભ આપવામાં આવે છે.

## ❖ ઉત્સવ-મહોત્સવો ❖

ભગવાન સ્વામિનારાયણે ચલાવેલી પ્રણાલિકા મુજબ ગુરુદેવ પ.પૂ. બાપજીએ પણ આવા ભવ્ય મહોત્સવો યોજીને આત્યંતિક કલ્યાણનું સદાવ્રત ચાલુ રાખ્યું છે. આવા મહોત્સવોથી સમાજમાં સંસ્કૃતિને અનેરું પોષણ મળે છે. ગુરુદેવ પ.પૂ. બાપજીએ અત્યાર સુધીમાં અનેક ઉત્સવ-મહોત્સવો કર્યા છે. એમાં પણ મુખ્ય આઠ મહોત્સવોના ભવ્ય આયોજનો સંતો-હરિભક્તોના સ્મૃતિપટ પર અંકિત થઈ ગયા છે.

**ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી ઊજવાયેલ ભવ્ય મહોત્સવો :**

૧. ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ - ઈ.સ. ૧૯૮૧
લાભ લેનાર કુલ જનમેદની : આશરે ૪,૫૦૦થી પણ વધુ

૨. ઘનશ્યામનગર દશાબ્દી ઉત્સવ - ઈ.સ. ૧૯૮૪
લાભ લેનાર કુલ જનમેદની : આશરે ૯,૦૦૦થી પણ વધુ

૩. જીવનપ્રાણ અબજીબાપાશ્રી સાર્ધ શતાબ્દી મહોત્સવ લુણાવાડા - ઈ.સ. ૧૯૯૩
લાભ લેનાર કુલ જનમેદની : આશરે ૩,૯૦,૦૦૦થી પણ વધુ

૪. બાપાશ્રી મહોત્સવ - ઈ.સ. ૧૯૯૫
લાભ લેનાર કુલ જનમેદની : આશરે ૧૮,૦૦,૦૦૦થી પણ વધુ

૫. સ્વામિનારાયણ મહામંત્ર દ્વિશતાબ્દી મહોત્સવ - ઈ.સ. ૨૦૦૧- ઈ.સ. ૨૦૦૨
લાભ લેનાર કુલ જનમેદની : આશરે ૫,૫૦,૦૦૦થી પણ વધુ

૬. વચનામૃત રહસ્યાર્થ બાપાશ્રી વાણી શતાબ્દી મહોત્સવ - ઈ.સ. ૨૦૦૬
લાભ લેનાર કુલ જનમેદની : આશરે ૩,૦૦,૦૦૦થી પણ વધુ

૭. એસ.એમ.વી.એસ. રજત ગૌરવ ઉત્સવો - ઈ.સ. ૨૦૧૦થી ઈ.સ. ૨૦૧૨
લાભ લેનાર કુલ જનમેદની : આશરે ૬,૦૦,૦૦૦થી પણ વધુ

૮. એસ.એમ.વી.એસ. રજત જયંતી મહોત્સવ - ઈ.સ. ૨૦૧૨
લાભ લેનાર કુલ જનમેદની : આશરે ૩,૫૮,૯૫૦થી પણ વધુ

## ❖ સત્સંગ સભાઓ ❖

સમાજને સત્સંગની હેલીથી લીલોછમ રાખવા માટેનું ગુરુદેવ પ.પૂ. બાપજીનું આગવું પ્રદાન એટલે જ સત્સંગ સભાઓ. પ્રતિવર્ષ સંસ્થામાં

આશરે સંતો દ્વારા જ ૨૦,૦૦૦ કરતાં પણ વધુ સત્સંગ સભાઓનું આયોજન કરવામાં આવે છે. જેમાં હજારો ને લાખો હરિભક્તો સત્સંગનું જ્ઞાન પ્રાપ્ત કરે છે. આ ઉપરાંત, પૂ. સંતો દ્વારા પ્રતિવર્ષ આશરે ૫૦,૦૦૦ કરતાં પણ વધુ પધરામણી અને મહાપૂજાઓનાં આયોજન દ્વારા પારિવારિક સંપર્ક કરીને અંગત ઉપદેશ આપવામાં આવે છે.

## ❖ બાળ પ્રવૃત્તિ ❖

ગુરુદેવ પ.પૂ. બાપજીએ સ્વામિનારાયણ દિગ્વિજય મંડળ અંતર્ગત બાળ-બાલિકા પ્રવૃત્તિનો પ્રારંભ ઈ.સ. ૧૯૮૭થી કર્યો હતો. જેમાં બાળકોનો સર્વાંગી વિકાસ કરવામાં આવે છે. સંસ્કારોનું સિંચન, સત્સંગના મૂલ્યોનું સિંચન, કળા-કૌશલ્યની ખિલવણી, અભ્યાસમાં ગુણવત્તા જેવાં અનેકવિધ પાસાંઓના માધ્યમથી સર્વાંગી વિકાસ કરવામાં આવે છે. સાત વર્ષની ઉંમરથી લઈને ચૌદ વર્ષની ઉંમરના બાળકો માટે બાળ-બાલિકા મંડળો સંસ્થાના સત્સંગ પ્રવૃત્તિ કાર્યાલયના માર્ગદર્શન હેઠળ દેશ-પરદેશમાં ૭૫૦ કરતાં પણ વધુ સંખ્યામાં કાર્યરત છે. જેમાં દર અઠવાડિયે ૧૭,૦૦૦ કરતાં પણ વધુ બાળ-બાલિકાઓ આ બાળ-બાલિકા મંડળોનો લાભ લે છે.

## ❖ કિશોર-યુવા પ્રવૃત્તિ ❖


આજના યુવાનમાં દેશ અને સમાજના ઉત્થાન અને વિકાસની તાકાત છે. તેનામાં વૈશ્વિક સંસાધનો અને પરિવર્તનની ક્રાંતિ સામે પડકાર ઝીલવાની શૌર્યતા છે પરંતુ તેની પાસે સાચી દૃષ્ટિ નથી. ગુરુદેવ પ.પૂ. બાપજીએ યુવા વર્ગની ઉત્ક્રાંતિ માટે ઈ.સ. ૧૯૮૭માં સ્વામિનારાયણ દિગ્વિજય મંડળ અન્વયે કિશોર-યુવક મંડળોની સ્થાપના કરી હતી. જેમાં યુવા વર્ગનું સર્વાંગી ઘડતર, માર્ગદર્શન તથા પરિવર્તન કરવામાં આવે છે. આ કિશોર-યુવક

મંડળોમાં સાત્ત્વિક જીવન, ધર્મ-નિયમની દૃઢતા, ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના, વૈભવી મટી સંયમી જીવન આદિ આધ્યાત્મિક મૂલ્યો તથા ચારિત્ર્ય, પ્રામાણિકતા, નૈતિકતા, સત્યતા જેવા પાયાના સામાજિક મૂલ્યોનું પણ સિંચન કરવામાં આવે છે. દેશ-પરદેશમાં વિસ્તરેલ આ યુવા પ્રવૃત્તિ ભારત દેશના જુદાં જુદાં રાજ્યો, જિલ્લા, તાલુકા તથા શહેરોમાં ૩૬૩ કરતાં વધુ યુવા તથા સંયુક્ત મંડળો ધરાવે છે. જ્યારે પરદેશમાં ૫૫ કરતાં પણ વધુ મંડળો ધરાવે છે. આ યુવા-સંયુક્ત મંડળોમાં દર અઠવાડિયે ૧૬,૦૦૦ કરતાં પણ વધુ સભ્યો લાભ લે છે.

## ❖ સ્વયંસેવક દળ ❖

સેવા અને સમર્પણની વેદિકા પર રચાયેલ ગુરુદેવ પ.પૂ. બાપજીનું સ્વયંસેવક દળ સદૈવ વિરલ ચેતનાથી થનગનતું રહ્યું છે. આ સ્વયંસેવક દળ નિઃસ્વાર્થભાવે જન સમાજના રાહતકાર્યોમાં તથા મોટા મહોત્સવોમાં ખડે પગે એક સૈન્યની જેમ સેવારત રહ્યું છે. ગુરુદેવ પ.પૂ. બાપજીની પ્રેરણાથી એસ.એમ.વી.એસ.ના સ્વયંસેવકો સંતોની અનુજ્ઞામાં રહી સરાહનીય સેવાકાર્ય કરતા રહ્યા છે. અનેકવિધ રાહતકાર્યોમાં ૧૦,૦૦૦ જેટલો સ્વયંસેવકોનો સેવાગણ સમાજસેવા માટે ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી હંમેશાં સુસજ્જ છે. સમાજની ભલાઈ માટે આ સ્વયંસેવકોની સેવાઓ અભિવંદનીય રહી છે.

આમ, ગુરુદેવ પ.પૂ. બાપજીએ વિવિધ ક્ષેત્રમાં રચનાત્મક અને ઉત્થાનાત્મક કાર્યો કરી, દેશ-વિદેશમાં જન જાગૃતિ ને અધ્યાત્મ જાગૃતિ આણી છે.



# ૫

## અલૌકિક અનુગામી સત્પુરુષ :
## ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી

કારણ સત્સંગની રચના એટલે શ્રીજીમહારાજનું પ્રિ-પ્લાનિંગ. એ ન્યાયે ગુરુદેવ પ.પૂ. બાપજી જે હેતુ માટે પધાર્યા હતા તેના સમર્થન માટે તેઓ જાણતા જ હતા કે અમારે એક એવા ઉત્તમ શિષ્યની આવશ્યકતા પડવાની જ છે કે જે એમના સરીખા જ આબેહૂબ હોય. અને એટલે જ તો પોતાના ક્રાંતિકારી કાર્યના પ્રારંભ અગાઉથી જ પૂર્વાપર આયોજન રૂપે તેઓએ અમીરપેઢીના સમર્થ સદ્. મુનિબાપા પાસેથી ઈ.સ. ૧૯૫૩માં દદુકાના પ.ભ. શ્રી કેશવલાલ ઠક્કરને ઘેર મહારાજના સંકલ્પ સમા મુક્ત પુત્ર સ્વરૂપે મોકલે એવી પ્રાર્થના કરી હતી. ત્યારે સદ્. મુનિબાપાએ આશીર્વાદ આપેલા કે, ‘‘જાવ, એક નહિ બે પુત્ર થશે. પરંતુ આધા તુમ્હારા... આધા હમારા...’’ સદ્. મુનિસ્વામીના આશીર્વાદના ફળ સ્વરૂપે ‘આધા હમારા’ એટલે આપણા વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી.ભગવાન સ્વામિનારાયણના સંકલ્પ સમા મુક્તના પ્રાગટ્યનો મંગલ દિવસ આવ્યો. સંવત ૨૦૧૫ના આસો સુદ નોમ (દશેરા) એટલે તા. ૮-૧૦-૧૯૫૯ના રોજ રાત્રિના એક વાગ્યા બાદ દદુકાની ધન્ય ધરા પર, કેશવલાલ ઠક્કરના ઘરે નર્મદાબા થકી ભગવાન સ્વામિનારાયણના અનાદિમુક્તનું પ્રાગટ્ય થયું. આ શરદ માસની રાત્રિ જાણે સૌને શ્રીહરિના સંકલ્પના પ્રાગટ્યની શીતળતાનો અનુભવ કરાવતી હતી. માતા નર્મદાબા અને પિતા કેશવલાલભાઈ મુક્તરાજના પ્રાગટ્યથી અત્યંત આનંદમાં હતાં. સદ્. મુનિસ્વામીએ આ મુક્તરાજને સ્વહસ્તે વર્તમાન ધરાવી ‘ઘનશ્યામ’ નામકરણ કર્યું હતું.

બાળપણથી લઈ યુવાવસ્થા સુધી તેઓ સાધુતાયુક્ત દિવ્યજીવનની એકધારી કેડી કંડારી, સદ્. મુનિસ્વામી, સદ્. મુક્તજીવન સ્વામીબાપા તથા ગુરુદેવ પ.પૂ. બાપજીના રાજીપાપાત્ર બન્યા હતા. સમય પાકતાં જે હેતુ માટે એમનું પ્રાગટ્ય હતું તે માટે તેઓએ ગુરુદેવ પ.પૂ. બાપજીનું શિષ્યત્વ સ્વીકાર્યું. ગુરુદેવ પ.પૂ. બાપજીએ આરંભેલી ક્રાંતિના સહભાગી બન્યા.

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુદેવ પ.પૂ. બાપજી સાથે અતિશે દાસભાવે અને અતિશે દિવ્યભાવે તથા આત્મબુદ્ધિએ રહી એવું તો આદર્શ શિષ્યત્વ બજાવ્યું છે કે જેણે સમગ્ર સંપ્રદાયનો ઇતિહાસ બદલી દીધો.

અત્યાર સુધીનો ઇતિહાસ એવી સાખ પૂરે છે કે, અત્યાર સુધીની શ્રીજી પરંપરામાં એવા ઘણા સમર્થ સત્પુરુષો આવ્યા ને ક્રાંતિકારી કાર્યો કર્યાં છે. પરંતુ એમણે આપેલા સિદ્ધાંતો, એમના સંકલ્પો, એમના ક્રાંતિકારી કાર્યોનો પ્રચંડ વેગથી વહેતો પ્રવાહ પાછળની પેઢીઓમાં રોકાઈ ગયો છે. પરંતુ આ એસ.એમ.વી.એસ.ના પરિવારમાં આ ઇતિહાસ બદલાયો છે. ગુરુદેવ પ.પૂ. બાપજીએ પોતાની હયાતીમાં જ એમના જેવા જ અલૌકિક અનુગામી સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની સમગ્ર એસ.એમ.વી.એસ.ના સમાજને અને કારણ સત્સંગને ભેટ આપી છે. આવા અલૌકિક સત્પુરુષની પરંપરા આ એસ.એમ.વી.એસ.માં અસ્ખલિતપણે ચાલુ છે.

ગુરુદેવ પ.પૂ. બાપજીની આપણા સૌ પરની અતિ મોટી અપાર કરુણા એ છે કે તેઓએ આપણને તેમની ખોટ નથી પડવા દીધી. એમની પાછળ એમના જેવા જ દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની ભેટ આપી છે. ગુરુદેવ પ.પૂ. બાપજીએ સ્વમુખે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો મહિમા અનેક વખત કહ્યો છે કે, ‘‘આ સ્વામી ઠેઠથી આવેલો છે. તમે સૌ એને રાજી કરજો. એના રાજીપામાં જ અમારો રાજીપો છે.’’ વળી, ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી પણ ઘણી વાર કહેતા હોય છે કે, ‘‘અમે ને બાપજી જુદા નથી. એક જ છીએ. જો અમને જુદા સમજશો તો બહુ મોટો અપરાધ થયો ગણાશે.’’

આમ, ગુરુદેવ પ.પૂ. બાપજી એ જ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી એ જ ગુરુદેવ પ.પૂ. બાપજી. આ એ પુરુષોની અલૌકિક એકતા છે. જેની સાખ ગુરુદેવ પ.પૂ. બાપજીના તા. ૧૪-૭-૨૦૧૯ના રોજ રાજકોટ ખાતે ગુરુપૂર્ણિમા પ્રસંગે પ.પૂ. સ્વામીશ્રી માટે અપાયેલા

આશીર્વાદ પૂરે છે : ‘‘હું સદાય સ્વામી ભેળો જ છું. સ્વામી જે જે કરે છે તે બધું હું જ કરું છું. કારણ કે સ્વામી એ હું છું અને હું એ સ્વામી છે એમ જ સૌએ સમજવું.’’

## ગુરુદેવ પ.પૂ. બાપજીના સ્વમુખે ગવાયેલ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનું મહાત્મ્ય

‘‘જે’દી મારી જોડે એકેય સાધુ નહોતો તે’દી મહારાજ ને બાપા આગળ પ્રાર્થના કરેલી, હે દયાળુ ! મારે તમારા સિદ્ધાંતનો પ્રચાર કરવો છે... ને જોડમાં કોઈ સાધુ નહીં ! મને એક સાધુ આપો. એક આપો પણ એવો ખરેખરો આપજો કે જે મારા કરતાંય સવાયો હોય. એવું મહારાજ ને બાપા આગળ માગ્યું હતું તે મહારાજ ને બાપાએ આ સ્વામીની (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની) ભેટ આપી. તે આજે પસ્તાઉં છું કે મેં માગી માગીને એક જ માગ્યો ? જો ઢગલાબંધ માગ્યા હોત તો અનંતકોટિ બ્રહ્માંડમાં ડંકો વાગી જાત.’’

‘‘આ સ્વામી પરભાવનો છે. પરભાવમાંથી આવ્યો છે એટલે સાથે પરભાવ લાવ્યો છે. એટલે એ આખા સત્સંગને પરભાવ દૃઢ કરાવવા મથે છે. અને આખા સત્સંગને એણે પરભાવમાં રાચતો કર્યો છે.’’

‘‘સંપ્રદાયના સઘળા સાધુને એક પલ્લામાં મૂકો ને બીજા પલ્લામાં સ્વામીને મૂકો તોય સ્વામીનું પલ્લું ઊંચું નહિ થાય.’’

‘‘બધાયે સ્વામી સામે દૃષ્ટિ રાખવી. એ વઢે, રોકેટોકે તોપણ ગમાડવું. મારે તમને રોકટોક કરવાની ઓછી છે, સ્વામીને રોકટોક ઝાઝી કરવાની છે. એનામાં વિશેષ દિવ્યભાવ રાખવો. બધાય તમે સ્વામી જેવા થજો.’’

‘‘સ્વામી જેવો આગ્રહ અમે અમારા સાધુજીવનમાં આજદિન સુધી જોયો નથી. અમે તો સત્સંગમાં ખૂબ વિચર્યા છીએ... મોટા સંતો પાસે નંદપંક્તિના સંતોની ગાથા સાંભળી છે ને દાસપંક્તિનાને જોયા પણ અમને આવો

મહારાજના સ્વરૂપમાં જોડવાનો તરવરાટ અન્ય ક્યાંય જણાયો નથી...''

''સંતો તથા હરિભક્તોનું ઘડતર કરવાનો... શ્રીજીમહારાજના ગમતા પાત્ર કરવાનો આગ્રહ અને એ માટેનો એનો દાખડો... આ સ્વામી જેવો અત્યાર સુધી કોઈ સદ્‌ગુરુએ કર્યો હોય એવું જણાતું નથી. એનો આગ્રહ જોઈએ... એની ધગશ જોઈએ તો ખ્યાલ આવે કે સૌને પુરુષોત્તમરૂપ પાત્ર કરવા માટે એ કેટલું કરે છે...! કેટકેટલાં અવનવાં આયોજનો કરે છે...! આપણે તો થાકી જઈએ...!''

''સ્વામીને રાજી કરશો તો સ્વામી જેવા બેઠા ગુણો તમારામાં આવી જશે. સ્વામી તો દિવ્ય ગુણોનો દરિયો છે. તેમની સામે દૃષ્ટિ રાખશો તો સદાય અધૂરું જ મનાશે... સદાય દાસપણું રહેશે... કદીયે માથું ઊંચું નહિ થાય અને આગળ વધવાનું બળ મળશે... અરે, સ્વામી જેવી ઝળહળતી સાધુતા આવશે... માટે આ સંકલ્પ પ્રબળ રાખશો તો સ્વામીને વધુ ને વધુ રાજી કરી શકશો... આ જ કરજો...''


''સ્વામી અમારી સમક્ષ કેટલાંય આયોજનનું લિસ્ટ તથા પ્લાનિંગ કરીને આવે. એક પછી એક બતાવે અને જેમાં મરજી બતાવું એટલું જ રાખે... અને જેના ઉપર ના કહું તે ઉપર તરત જ ચોકડી મારી દે. આયોજન ગમે એટલું સારું હોય, એની પાછળ ગમે એટલી મહેનત કરી હોય પણ મારી મરજી ના જુએ એટલે તે આયોજન પર પૂર્ણવિરામ મૂકી દે. અને પાછો એનો રંચમાત્ર સંકલ્પેય નહીં. અને એટલું જ નહિ, અમે જે રુચિ ન બતાવી હોય તે ફરી ક્યારેય બીજી વાર રજૂ કરી નથી. આવો મહિમા-દિવ્યભાવ જેને હોય તેનામાં જ મોટાપુરુષના બેઠા ગુણો આવે અને એ જ એમનો વારસો પામી શકે... આવું સ્વામી પાસેથી સૌએ શીખવું.''

''સ્વામી અમારી રુચિ બહાર આટલું પણ (જરા પણ) ન કરે...! પચાસ પૈસાનું પોસ્ટકાર્ડ કે એક વચનામૃતનું પુસ્તક પણ જો કોઈને ભેટ આપવું


હોય તો એ મને પૂછ્યા વગર ન આપે...!''

''અમારા સંકલ્પથી સ્વામીનો સંકલ્પ જુદો નહિ, અમારી મરજીથી એની મરજી જુદી નહિ, અમારી રુચિથી એની રુચિ જુદી નહીં - અમારો સંકલ્પ, અમારી મરજી ને અમારી રુચિ એ જ સ્વામીનો સંકલ્પ, મરજી ને રુચિ. કોઈ વાતે સહેજ જુદું નહીં. અને જે આવું કરી શકે, વર્તી શકે એની જ નેગેટિવની પૉઝિટિવ થાય.''

ગુરુદેવ પ.પૂ. બાપજીની જ સંપૂર્ણ પ્રતિકૃતિ સમાન ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી જેવા અનુગામી દિવ્ય સત્પુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજીએ આપણને આપ્યા છે. ત્યારે આ દિવ્યપુરુષોના ચરણોમાં કોટિ કોટિ વંદન.



આદ્ય સ્થાપક
**ગુરુદેવ પ.પૂ. બાપજી**



દિવ્ય પ્રેરક
**ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**

## આદ્ય સ્થાપક ગુરુદેવ પ.પૂ. બાપજી

"સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં." - આ સૂત્રને જીવનપર્યંત ધારણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા-ઉપાસના અને મહિમાનો સર્વજનના હિતમાં પ્રચાર કરનાર ગુરુદેવ પ.પૂ. બાપજી એક સિદ્ધાંતવાદી સત્પુરુષ છે.

ગુરુદેવ પ.પૂ. બાપજીનું સિદ્ધાંતવાદી જીવન, નિર્દંભ સાધુતા, ધર્મ-નિયમની અણીશુદ્ધતા, નિર્માનીપણું ને નિર્દોષભાવથી ભરેલું પારદર્શક જીવન, પોતાની અહમશૂન્યતા ને શ્રીજીનું જ કર્તાપણું આદિ ગુણોએ સાધકોના જીવનમાં પ્રેરણાના પીયૂષ પાયાં છે. જેના પગલે પગલે સર્જાયો છે આજે સંતો-હરિભક્તોનો અણીશુદ્ધ સમુદાય. આવા દિવ્ય સત્પુરુષના સંબંધમાં આવનાર દરેક વ્યક્તિના જીવનમાં જીવનપરિવર્તનના દીવડા પ્રકાશ્યા છે.

ગુરુદેવ પ.પૂ. બાપજીનું દિવ્ય અને વિરલ વ્યક્તિત્વ એવું અનોખું છે કે જેમના સાંનિધ્યમાં ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની યથાર્થ ઓળખાણ અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય છે. મનને શાંતિનો અનુભવ થાય છે. અંતર પવિત્રતા પ્રગટે છે, ઘાટ-સંકલ્પો વિરામ પામી જાય છે, મનોરથો પૂર્ણ થાય છે, તનનાં-મનનાં ને જનનાં સર્વ દુઃખોથી જાણે મુક્ત થઈ પ્રભુના સુખમાં ગુલતાન થયાનો અહેસાસ થાય છે. એમના સમાગમમાં આવનાર કોઈ પણ વ્યક્તિ શ્રીજીમહારાજના સ્વરૂપને જેમ છે તેમ ઓળખવાની અને છતે દેહે આત્યંતિક કલ્યાણ માનવાની પરિતૃપ્તતા પામે છે. એમની કરુણાભીની દિવ્ય દૃષ્ટિમાં આવનાર સૌ કોઈ કૃતાર્થતા અનુભવે છે.

પંચમહાલના ડુંગરાઓમાં વસતા ગરીબ, દલિત, પછાત ને અંધશ્રદ્ધામાં અટવાયેલાઓના બેલી બની તેમના જીવનમાં તેઓએ પ્રકાશ પાથર્યો છે ને તેમના અંધકારમય જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું છે. ૮૬ વર્ષની ઉંમર સુધી અસંખ્ય ગામડાઓમાં વિચરણ તથા હજારો ભક્તોના ઘરોની વ્યક્તિગત મુલાકાત લઈ તેઓએ અવિરત વિચરણ કર્યું છે. તેમના આ વિચરણથી સર્વત્ર અનોખી આધ્યાત્મિક સુવાસ ફેલાઈ રહી છે.





દેશ-સમાજમાં આધ્યાત્મિક ઉન્નતિનું કાર્ય હોય કે પછી સમાજસેવા કરવાનું ભગીરથ કાર્ય હોય તેમાં ગુરુદેવ પ.પૂ. બાપજીની નિરંતર પ્રેરણા મળતી રહી છે. તેઓની પ્રેરણાથી જ દેશ-સમાજની આધ્યાત્મિક ઉન્નતિ માટે એસ.એમ.વી.એસ. સંસ્થાના સંતો-કાર્યકરો અવિરત વિચરણ કરી જીવનપરિવર્તન માટેનો દિવ્ય સંદેશ જન જન સુધી પહોંચાડી રહ્યા છે. વળી, શૈક્ષણિક સેવાઓ, તબીબી સેવાઓ, ભૂકંપપીડિતોને સહાય તેમજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્યની સેવાઓ તેમજ રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા આવતાં રચનાત્મક આયોજનો જેવાં કે 'વાંચે ગુજરાત' તથા 'સ્વચ્છતા અભિયાન' આદિ આયોજનો પણ સંસ્થા દ્વારા ગુરુદેવ પ.પૂ. બાપજીની પ્રેરણાથી ચાલી રહ્યાં છે. વળી, સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓને વધુ વેગવંતી બનાવવા ગુરુદેવ પ.પૂ. બાપજીની પ્રેરણાથી 'એસ.એમ.વી.એસ. ચેરિટીઝ'ની સ્થાપના કરવામાં આવી છે.

એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા થતા તમામ સેવાકાર્યોનું શ્રેય ગુરુદેવ પ.પૂ. બાપજીના ચરણે સમર્પિત છે. તેઓની જ દિવ્ય પ્રેરણાથી સંસ્થાની આન, બાન, શાન સમગ્ર વિશ્વમાં લહેરાઈ રહી છે. સંપ્રદાય તથા ઈતર સંપ્રદાયના મુમુક્ષુઓ, સંતો અને અગ્રેસરો પણ આ સત્પુરુષની આધ્યાત્મિક પ્રતિભાને વંદન કરી કૃતાર્થતા અનુભવી રહ્યા છે. તેઓની આ દિવ્યતાનું એક અને માત્ર એક કારણ તેઓ ગણાવે છે અને તે છે એકમાત્ર ભગવાન સ્વામિનારાયણનું કર્તાપણું ! તેઓના ક્રાંતિકારી કાર્યને વધુ વેગ આપી જન જન સુધી તેમનો સંદેશો પહોંચાડવા ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી સંસ્થાનું પ્રમુખપદ સંભાળી રહ્યા છે.

આવો, એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા
પ્રકાશિત થતા સાહિત્યિક પ્રકાશનોની શ્રેણી આજે જ માણીએ...


- સર્વોપરી ઉપાસના તેમજ અનાદિમુક્તની સ્થિતિની દૃઢતા કરાવતાં પુસ્તકો
- સત્પુરુષ મહિમાનું આકંઠ પાન કરાવતાં પુસ્તકો
- જીવન પરિવર્તન તરફ લઈ જતાં વિવિધ પુસ્તકો
- પારિવારિક જીવન અંગે માર્ગદર્શન પ્રેરતાં પુસ્તકો









**સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ**
સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર.
ફોન : +૯૧ ૯૯૨૫૨૩૭૦૦૪/૫, Email : ssd@in.smvs.org